# આત્મધર્મ

માસિક : વર્ષ-૧૫ * અંક-૯ * મે, ૨૦૨૧



શુદ્ધાત્મવૈભવવિલાસી સ્વાત્માનુભવી
પરમ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીનો

## ૧૩૨ મો

## જન્મ મહોત્સવ

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

● જે મનુષ્ય કોઈ બીજા મનુષ્ય દ્વારા ક્રોધને વશ થઈને પગથી માંડીને મસ્તક સુધી ચારે તરફ દુઃખદાયક દઢતર દોરડાઓથી જકડીને બાંધી દેવાયો હોય તે તેમાંથી કોઈ એક પણ દોરડું ઢીલું થતાં સુખનો અનુભવ કરે છે. તો પછી જે સિદ્ધ જીવ બાહ્ય અને અભ્યંતર બંનેય બંધનોથી રહિત થઈ ગયા છે તેઓ શું સદા સુખી નહિ હોય ? અર્થાત્ સિદ્ધ ભગવાન સદા સુખી છે. ૧૮૬૪.

(શ્રી પદ્મનંદી આચાર્ય, પદ્મનંદી પંચવિંશતિ, સિદ્ધસ્તુતિ, શ્લોક-૯)

● આગમકે પદોંકો ઔરકા ઔર અર્થ કરકે જિન—આગમકે કથનકો છિપાના ચોરી જાનો તથા આત્મસ્વભાવમેં રમણ ન કરકે આત્મજ્ઞાન રહિત અનેક વ્રતોંકો પાલના ભી ચોરી હૈ. ૧૮૬૫. (શ્રી તારણસ્વામી, જ્ઞાનસમુચ્ચયસાર, શ્લોક-૩૫૦)

● ઉપવાસ કરનાર વ્યક્તિ અભિલાષપૂર્વક (ઉત્કંઠિત થયા થકા) કાન દ્વારા, ધર્મરૂપી અમૃતને પીઓ અને આલસ્ય રહિત થયા થકા જ્ઞાન અને ધ્યાનમાં તત્પર (લવલીન) રહો. ૧૮૬૬. (શ્રી સમંતભદ્રસ્વામી, રત્નકરંડ શ્રાવકાચાર, શ્લોક-૧૪૮)

● સમ્યગ્દર્શન વિના ધ્યાન હોતું નથી, કારણ કે નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્યચમત્કારની (શુદ્ધાત્માની) સમ્યક્પ્રતીતિ વિના તેમાં નિશ્ચળ પરિણતિ ક્યાંથી થઈ શકે ? માટે મોક્ષના ઉપાયભૂત ધ્યાન કરવા ઈચ્છનાર જીવે પ્રથમ તો જિનોક્ત દ્રવ્યગુણપર્યાયરૂપ વસ્તુસ્વરૂપની યથાર્થ સમજણપૂર્વક નિર્વિકાર નિષ્ક્રિય ચૈતન્ય-ચમત્કારની સમ્યક્ પ્રતીતિનો સર્વ પ્રકારે ઉદ્યમ કરવા યોગ્ય છે; ત્યારપછી જ તે ચૈતન્યચમત્કારમાં વિશેષ લીનતાનો યથાર્થ ઉદ્યમ થઈ શકે છે. ૧૮૬૭.

(શ્રી અમૃતચંદ્રાચાર્ય, પંચાસ્તિકાય, ગાથા-૧૪૨ના ભાવાર્થમાંથી)

● આ સમ્યગ્દર્શન સંસારભયનો નાશ કરનારું છે તથા સર્વ ગુણોનો આધાર છે. આવું સમ્યગ્દર્શન મને પ્રાપ્ત થયું છે. જો સંસાર-સમુદ્રમાં આ સમ્યગ્દર્શનરૂપી રત્ન મારાથી નષ્ટ થયું તો તે અર્ધપુદ્ગલ પરાવર્તનકાળ સુધી સંસારમાં પરિભ્રમણ કર્યા વિના ફરી મને પ્રાપ્ત નહીં થાય. તેથી પ્રમાદ કરવો મને બિલ્કુલ અયોગ્ય છે. ૧૮૬૮.

(શ્રી કુંદકુંદાચાર્ય, મૂલાચાર, બાર ભાવના અધિકાર, ગાથા-૬૭)

● ઈસ સંસારમેં યે જો પ્રખ્યાત પુણ્યશાળી ચંદ્ર, સૂર્ય, દેવેન્દ્ર, નરેન્દ્ર, નારાયણ, બલભદ્ર આદિ કીર્તિ, કાંતિ, દ્યુતિ, બુદ્ધિ, ધન ઔર બલકે ધારી હૈ, વે ભી યમરાજકી દાઢમેં જાકર, અપને-અપને સમય પર મૃત્યુકો પ્રાપ્ત હોતે હૈં, તબ દૂસરોંકી તો બાત હી ક્યા હૈં? અતઃ બુદ્ધિવાનોંકો ધર્મમેં મન લગાના ચાહિયે. ૧૮૬૯.

(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૨૯૯)

વર્ષ–૧૫
અંક–૯




વિ. સંવત
૨૦૭૭
May
A.D. 2021

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૩૨મા મંગળ જન્મોત્સવ પ્રસંગે

## ... લીજીયે... ચૈતન્ય... વધાઈ

- આવા ચૈતન્યના સ્વસંવેદનથી જ્યાં સમ્યગ્દર્શનરૂપ બીજ ઊગી ત્યાં આત્મામાં ચૈતન્યની અપૂર્વ મંગલ વધાઈ આવી, ને તે હવે વધી વધીને પૂર્ણ કેવળજ્ઞાન થશે.
- ચૈતન્યદેવમાં આનંદ ભર્યો છે તેમાંથી જ સ્વસન્મુખતા વડે તે પ્રાપ્ત થાય છે.
- અરે ચૈતન્ય પ્રભુ ! તારી પ્રભુતા તારા ચૈતન્યધામમાં છે, રાગમાં તારી પ્રભુતા નથી.
- ચૈતન્યના આનંદનો અનુભવ કેમ થાય ને અનાદિનું અજ્ઞાન કેમ ટળે તેની આ વાત છે.
- રાગથી ભિન્ન ચૈતન્યની પ્રતીત કરીને તેણે પોતાના આંગણે ચૈતન્ય પરમાત્માને પધરાવ્યા છે.
- ચૈતન્યનું જ્યાં આવું અપૂર્વ ભાન પ્રગટ્યું ત્યાં આત્મામાં અપૂર્વ સોનેરી પ્રભાત ખીલ્યું.
- ચૈતન્યનો નિર્ધાર કરીને સ્વરૂપસન્મુખ થતાં રાગથી જુદો નિર્વિકલ્પ આનંદ અનુભવાય છે, એનું નામ ધર્મ છે.
- ચૈતન્ય ભગવાન વિજ્ઞાનઘનસ્વરૂપ છે, રાગદ્વેષરૂપ મલિનતા તેના સ્વરૂપમાં નથી.
- ઉપયોગને રાગથી જુદો કરીને અંતર ચૈતન્યમાં વાળ્યો ત્યાં અપૂર્વ ધર્મનો અવતાર થયો.
- અહીં તે અજ્ઞાન ટળે ને સમ્યક્ આત્મઅનુભવ થાય–એવી અપૂર્વ વાત છે.
- ભાઈ, અનંતાજુગ વિભાવના પંથમાં વીત્યા પણ તારી પ્રભુતા તને પ્રાપ્ત ન થઈ; તારી પ્રભુતા તો તારા અંતરમાં ચૈતન્યથી ભરપૂર છે, તેનું અવલોકન કર તો પ્રભુતાનો પંથ હાથમાં આવે.
- ભાઈ, તું તને જાણ. **Know Thy Self.** પોતે પોતાને જાણે તો અપૂર્વ શાંતિ પ્રગટે.
- સ્વ-પરનું ભેદજ્ઞાન થતાં ધીર અને ગંભીર જ્ઞાનજ્યોતિ પ્રગટે છે, ને રાગ સાથે કર્તાકર્મપણારૂપ મોહગાંઠ તૂટી જાય છે.

- શાંતરસથી ભરેલા આત્માના અનુભવ પાસે ધર્માત્માને ઈન્દ્રના ઈન્દ્રાસન પણ તુચ્છ તરણાં જેવા લાગે છે.
- અહા, જેના આંગણે પરમાત્મા પધાર્યા તે હવે પરભાવના કર્તૃત્વમાં કેમ રોકાય ? ક્યાં પરમાત્મા ને ક્યાં પરભાવ ?
- પોતામાં જ્ઞાનઆનંદ ભર્યો છે પણ અજ્ઞાનથી તે પોતાનું સ્વરૂપ ભૂલી ગયો છે.
- સંત-મહંત કહે છે કે સિદ્ધપ્રભુના તેડા આવ્યા છે, અમે તો હવે સિદ્ધોની મંડળીમાં ભળ્યા છીએ.
- અરે, એક માખી જેવું પ્રાણી પણ ફટકડી ઉપર બેસે ને મીઠો સ્વાદ તેમાં ન આવે તો તેને છોડી દે છે, ને સાકરમાંથી મીઠો સ્વાદ આવતાં તેના ઉપર તે બેસે છે...આટલો સ્વાદભેદનો વિવેક માખીને પણ છે. તો અરે જીવ ! રાગમાં તો આકુળતા છે, તેમાં કાંઈ ચૈતન્યનો મધુર સ્વાદ નથી. માટે તેના ઉપરથી તું તારી રુચિ છોડ.....આત્મામાં ઉપયોગ મૂકતાં તેમાંથી અતીન્દ્રિય શાંતિનો મધુરસ્વાદ આવે છે માટે તેમાં તારા ઉપયોગને જોડ.
- ધર્માત્માને અંતરથી ચૈતન્યસ્વાદ આવ્યો તેમાં એવી નિઃશંકતા છે કે હવે અલ્પકાળે પરમાત્મા થશું.
- જેમ હાથી ચૂરમું અને ઘાસના સ્વાદને ભેળસેળ કરીને વિવેક વગર ખાય છે, તેમ પશુ જેવો અજ્ઞાની ચૈતન્યના અને રાગના સ્વાદને એકમેક વેદે છે.
- ધર્માત્માને લગની લાગી છે ચૈતન્યની; ચૈતન્યના રંગ પાસે જગતના રંગ તેને ફિક્કા લાગે છે.
- ચૈતન્યનો અનુભવ થતાં અતીન્દ્રિય આનંદથી ભરેલું મંગલ પ્રભાત ઊગ્યું, ને અનાદિના અજ્ઞાન અંધારા ટળ્યા.
- ભાઈ, જીવનમાં આવું આત્મભાન કરવું—તેમાં જીવનની સફળતા છે; એના વગર તો બધુંય હા-હો ને હરીફાઈ છે.
- સમ્યગ્દર્શન થતાં આત્મામાં અપૂર્વ ધર્મનો અવતાર થયો...સિદ્ધના સંદેશા આવ્યા.
- સમ્યગ્દર્શન થતાં ભગવાન આત્મા પોતે પોતાના અનુભવમાં પ્રસિદ્ધ થયો કે હું તો જ્ઞાન છું; રાગનું વેદન તે હું નથી.
- આત્માને સમજવાનો અંદરમાં રંગ લાગવો જોઈએ. ચૈતન્યનો રંગ લાગે તો રાગનો રંગ ઊડી જાય.
- અનાકુળ ચૈતન્ય ભાવનું વેદન થાય—તેને સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન કહેવાય છે.
- આત્મા બહારના પદાર્થો વગર આનંદસ્વભાવથી ભરેલો છે, તેમાંથી જ સુખ પ્રગટે છે.

- ધર્માત્મા રાગરૂપી મલિનતાથી ભિન્ન પડીને ચૈતન્યના નિર્વિકલ્પ વેદનરૂપ શાંત જળને પીએ છે.
- બહારમાં સુખ એ તો કલ્પના જ છે, સુખ તો આત્માના સ્વભાવમાં ભર્યું છે.
- અસંખ્યપ્રદેશી આત્મક્ષેત્ર એવું છે કે જેમાં અતીન્દ્રિય આનંદના ને કેવળજ્ઞાનના પાક પાકે; આવા આત્માને શ્રદ્ધામાં–જ્ઞાનમાં–અનુભવમાં લેવો તે મંગળ છે.
- જેમ દારૂના ઘેનમાં પડેલો માણસ શીખંડમાં દહીં અને સાકરના જુદા સ્વાદને જાણતો નથી, તેમ મોહની મૂર્છામાં પડેલા અજ્ઞાનીને ચૈતન્યનો આનંદસ્વાદ અને રાગનો આકુળસ્વાદ–તેની ભિન્નતાની ખબર નથી.
- અરે, જ્ઞાન અને રાગ પણ જુદી ચીજ છે, બંને એક નથી; એટલે જ્ઞાનનો પ્રેમ છોડીને રાગનો પ્રેમ કરે એ જીવને શોભતું નથી.
- આવા અનુભવ વગર બીજા ગમે તેટલા સાધન કરે તોપણ તેમાં ધર્મની ગંધ પણ નથી.
- અનંતકાળથી નિજસ્વરૂપના ભાન વગર જ જીવ સંસારમાં રખડ્યો છે, પણ જ્ઞાનીસંતની સાચી સેવા કદી કરી નથી.
- ચૈતન્યના આનંદના શાંતરસના સ્વાદને ભૂલીને અજ્ઞાનીને રાગનો રંગ ચડી ગયો છે.
- તારું ચૈતન્ય સ્વરૂપ એ જ કાયમ રહેનાર છે, તેને દેહથી ભિન્ન જાણીને તેનો ઉત્સાહ કર.
- પણ જ્યાં ભિન્નતાનું ભાન થયું ત્યાં એવો અનુભવ થયો કે અહો, આ મારા ચૈતન્યનો સ્વાદ રાગથી જુદો, અચિંત્ય છે, આવો ચૈતન્યસ્વાદ પૂર્વે કદી અનુભવમાં આવ્યો નહોતો.
- આત્મામાં સર્વજ્ઞસ્વભાવ છે; તે સ્વભાવ જેમણે પૂર્ણ પ્રગટ કર્યો તે સર્વજ્ઞદેવ છે.
- આત્માની અનુભૂતિનો સ્વાદ અત્યંત મધુર છે....જગતના કોઈ પદાર્થોમાં એવો સ્વાદ નથી.
- સરખેસરખાની પ્રીતિ શોભે; ચેતનને ચેતનનો પ્રેમ શોભે; પણ પોતે ચેતન થઈને જડનો પ્રેમ કરે છે–એ શોભતું નથી.
- અનુભવ થતાં આત્મામાં અપૂર્વ બીજ ઊગી....તે હવે પૂર્ણકળાએ ખીલીને કેવળજ્ઞાન થયે જ છૂટકો.
- અજ્ઞાની રાગના સ્વાદને આત્માના ચૈતન્યરસનો સ્વાદ માને છે, તેને ચૈતન્યના મધુર વીતરાગી સ્વાદની ખબર નથી.
- આ દેહમાં રહેલું આત્મતત્ત્વ પણ એવું જ સર્વજ્ઞસ્વભાવી છે, પણ જીવે પોતાનું સ્વરૂપ કદી જાણ્યું નથી.

● અરે, આવો મનુષ્ય અવતાર અનંતકાળે મળ્યો છે તેમાં આ વસ્તુ સમજે તો સફળતા છે.

● અરે જીવ ! આ દેહમાં આત્મા કાયમ રહેવાનો નથી, તો એ જડ દેહની હોંશ શી ?

● અરે જીવ ! ઝાંઝવાના પાણી માનીને તું દોડ્યો....ઘણું દોડ્યો... છતાં ઠંડી હવા પણ ન આવી. તું વિચાર તો કર કે જો ત્યાં ખરેખર પાણી હોય તો હજી ઠંડી હવા પણ કેમ ન આવી ? તેમ અનાદિથી અજ્ઞાની રાગમાં શાંતિ માને છે, પણ ભાઈ ! તું વિચાર તો કર કે હજી તને ચૈતન્યની ઠંડી હવા પણ કેમ ન આવી ?

● અજ્ઞાની સ્વસુખને ભૂલીને બહારના અનંત પદાર્થોને સુખનું કારણ માને છે, તેમાં અનંત આકુળતા છે.

● રાગમાં ચૈતન્યપ્રકાશ નથી, ને ચૈતન્યપ્રકાશમાં રાગરૂપ અંધકાર નથી; એમ બંનેની ભિન્નતા છે.

● ધર્માત્માને ચૈતન્યનો રંગ ચડ્યો છે, ચૈતન્યના સ્વાદ પાસે રાગનો રસ તેને છૂટી ગયો છે.

● અજ્ઞાની જ્ઞાનને ભૂલીને પરભાવના કર્તાપણે વર્તે છે, તે તેનો મોહ છે.

● આચાર્યદેવ કહે છે કે આત્મા તો જ્ઞાન છે, જ્ઞાનસ્વરૂપ આત્મા જ્ઞાન સિવાય બીજું શું કરે ?

● ચૈતન્યના ભાન વગર અજ્ઞાનથી પરમાં કર્તૃત્વબુદ્ધિ કરી કરીને બહિર્વલણથી જીવો દુઃખી થાય છે.

● અરે ભાઈ, તારો આત્મા જ્ઞાન છે....તે જ્ઞાનને રાગથી ભિન્ન જાણ.

● તરસ્યા હરણાં મૃગજળમાં પાણી માનીને ઉલટા દુઃખી થાય છે, તેમ આકુળતામાં (રાગમાં) એકાકાર વર્તતા અજ્ઞાની જીવો શુભાશુભ રાગમાં શાંતિ માનીને ઉલટા દુઃખને જ વેદે છે.

● આ તો સંતોના અંતર અનુભવમાંથી નીતરતું પરમ સત્ય છે.

● ચૈતન્યના સ્વભાવમાં શાંતિ છે તેને જો લક્ષમાં લ્યે તો અનંતકાળમાં પ્રાપ્ત ન થયેલી એવી શાંતિની ઠંડી હવા પોતાને અંતરથી આવે.

● ચૈતન્યસ્વભાવનું બહુમાન કરીને તેના નિર્ણયનો ને અનુભવનો ઉદ્યમ કરવો તે મૂળ વસ્તુ છે.

● જો મૃગજળથી તરસ્યા હરણાંની તરસ છીપે તો શુભરાગમાંથી અજ્ઞાનીને શાંતિ મળે.

● ચૈતન્યની આવી પરમ સત્ય વાત સાંભળતાં તેનો આદર થાય–તેમાં પણ રાગની ઘણી મંદતા થઈ જાય છે, ને તેમાં ઊંચા પુણ્ય સહેજે બંધાઈ જાય છે. પણ આત્માર્થીને રાગનો પ્રેમ નથી.



# શ્રી સમયસારજી શાસ્ત્ર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન




(સમયસાર ગાથા ૧૦૩ ઉપર પ્રવચન ગતાંકથી આગળ)

## સ્વતંત્ર વસ્તુસ્વભાવની ઘોષણા

જે દ્રવ્ય જે ગુણ-દ્રવ્યમાં, નહિ અન્ય દ્રવ્યે સંક્રમે;
અણસંક્રમ્યું તે કેમ અન્ય પરિણમાવે દ્રવ્યને? ૧૦૩.

જુઓ, આ વસ્તુસ્વભાવની મહાન ગાથા છે. કુંદકુંદાચાર્યદેવ આ ભરતક્ષેત્રમાં બે હજાર વર્ષ પહેલાં સાક્ષાત્ બિરાજતા હતા. એકવાર તેમને સાક્ષાત્ તીર્થંકરના વિરહનું વેદન થયું કે અરે, આ કાળે સાક્ષાત્ તીર્થંકર પરમાત્માનો અહીં વિરહ! વિદેહક્ષેત્રમાં સાક્ષાત્ તીર્થંકરો બિરાજે છે. તેનું ચિંતન કરીને નમસ્કાર કર્યા... ને તેમને મહાન લબ્ધિ આકાશગામિની હતી. તેઓ અહીંથી દેહસહિત ગગનવિહારીપણે વિદેહક્ષેત્રમાં સીમંધર પરમાત્માના સમવસરણમાં પધાર્યા હતા.... ત્યાં ચક્રવર્તી વગેરે તેમના નાનકડા દેહને જોઈને આશ્ચર્ય પામ્યા.... ને ભગવાનના શ્રીમુખે નીકળ્યું કે આ ભરતક્ષેત્રના ધર્મવૃદ્ધિકર મહાન આચાર્ય છે. ત્યાં ભગવાનની વાણી આઠ દિવસ સુધી સાંભળીને મહાન હર્ષ થયો. ને પછી અહીં ભરતક્ષેત્રે પધારીને આ સમયસારાદિ મહાન શાસ્ત્રો રચ્યાં. મદ્રાસથી ૮૦ માઈલ દૂર પોન્નૂર (સુવર્ણહીલ) ઉપર તેઓની તપોભૂમિ છે. ત્યાં ચંપાવૃક્ષ નીચે તેમના ચરણપાદૂકા છે. એમ કહેવાય છે કે અહીંથી (પોન્નૂરથી) તેઓ વિદેહ ગયા હતા ને અહીં તેમણે શાસ્ત્રોની રચના કરી હતી. એ સ્થાન ઘણું શાંત સુંદર છે, ત્યાં આચાર્યદેવે જ્ઞાનધ્યાન કર્યું છે. એવા મહાસમર્થ આચાર્ય કુંદકુંદસ્વામી આ સમયસારમાં વસ્તુસ્થિતિ પ્રસિદ્ધ કરતાં કહે છે—

આ જગતમાં ચેતન કે અચેતન જે કોઈ વસ્તુ છે તે દરેક વસ્તુ પોતાના ચેતન કે અચેતનભાવમાં જ અનાદિથી વર્તે છે, કોઈ દ્રવ્ય પલટીને અન્ય દ્રવ્યરૂપ થઈ જતું નથી; ચૈતન્યદ્રવ્ય અનાદિથી પોતાના ચેતનગુણમાં ને ચેતનપર્યાયોમાં જ વર્તે છે. પોતાના ગુણ-પર્યાયને છોડીને બહારમાં કાંઈ કરવા તે જતું નથી, ને તેના ગુણ-પર્યાયમાં કોઈ બીજો

નિઃસંખ્ય સત્ત્વગૃહ ખ્યાત પ્રભાવવાળા,
ને શત્રુનાશક શરણ્ય અહો! તમારા;
કલ્યાણમંદિર અપરનામ શ્રી પાર્શ્વનાથ સ્તોત્ર

પદાર્થ વર્તતો નથી. આત્માના ગુણ-પર્યાયોને બીજો કોઈ કરતો નથી, ને બીજા કોઈના ગુણ-પર્યાયોને આત્મા કરતો નથી, જુઓ, આ વસ્તુસ્થિતિ !

જગતમાં ગમે તે સ્થાને આત્મા હો, પણ તે પોતાના ગુણ-પર્યાયોમાં જ વર્તી રહ્યો છે, ગુણ-પર્યાયથી બહાર પરમાં તે કાંઈ કરતો નથી. એ જ રીતે જગતનો પ્રત્યેક રજકણ વગેરે અચેતન પદાર્થ પણ પોતાના ગુણપર્યાયમાં જ વર્તે છે, તે બીજામાં વર્તતા નથી. પોતપોતાના ગુણપર્યાયોમાં સ્વતઃ પરિણમતા પદાર્થોને પરની અપેક્ષા નથી.

જુઓ તો ખરા ! કેવી સ્વતંત્ર વસ્તુસ્થિતિ ! ભાઈ, તું તારા સ્વભાવમાં ને પર પરના સ્વભાવમાં; હવે આવી વસ્તુસ્થિતિની મર્યાદાને કોઈથી તોડી શકાતી નથી. અજ્ઞાની માને ભલે કે હું પરની અવસ્થા કરી દઉં;—પણ તે પોતાના પરિણામમાં મિથ્યાકર્તૃત્વબુદ્ધિ સિવાય પરમાં તો કાંઈ કરી શકતો નથી. અરે, પોતાનું કાર્યક્ષેત્ર કેટલું છે ? ક્યાં અધર્મ થયો છે ને ક્યાં ધર્મ થાય ? તેની ખબર ન હોય, તે ક્યાં રહીને ધર્મ કરશે ? ધર્મ ક્યાં થાય છે ? શું બહારમાં ધર્મ થાય છે ? શું શરીરમાં પૈસામાં ધર્મ થાય છે ?—ના; એ તો બધા આત્માથી બહાર અચેતન પદાર્થો છે. આત્માનો ધર્મ આત્મામાં થાય, બહાર ન થાય. આ સર્વજ્ઞપરમાત્માની વાણીના લેખ સંતોએ લખ્યા છે તે ફરે તેમ નથી.

આવી વસ્તુસ્થિતિ સમજે તો પોતાના જ્ઞાનનંદ-સ્વભાવની સન્મુખતા થાય, પરની કર્તૃત્વબુદ્ધિથી છૂટીને પરિણતિ અંતરમાં વળે... ને મોહને હણીને આત્મા પોતે અરિહંત થાય. આવા આત્માનો સમ્યક્ અનુભવ જ્ઞાનીને થયો છે, અમે તો ચૈતન્યમૂર્તિ આત્મા છીએ ને અમારા ચૈતન્યભાવમાં જ અમે વર્તી રહ્યા છીએ. બહારના કામમાં અમે વર્તતા નથી.

જો એક વસ્તુ બીજી વસ્તુમાં વર્તે તો તેનું વસ્તુપણું જ નાશ પામે. અનાદિઅનંત સળંગપણે પોતાના નિજભાવમાં જ દરેક વસ્તુ વર્તે છે. એક પરમાણુ હો કે સિદ્ધપરમાત્મા હો, અજ્ઞાની હો કે કેવળજ્ઞાની હો—સૌ પોતપોતાના નિજભાવમાં પોતાના સ્વભાવથી અનાદિઅનંત વર્તી રહ્યા છે. અરે જીવ ! જગતથી ભિન્ન તારા સ્વભાવને એકવાર લક્ષમાં તો લે. તો તારી પરિણતિ અંદરમાં ઝુકતા તને તારા પરમ અતીન્દ્રિય આનંદનું વેદન થશે. અજ્ઞાનદશા વખતે આત્મા પોતાના વિકારી-રાગદ્વેષાદિ પરિણામમાં વર્તે છે ને તે પરિણામ જ તેનું કાર્ય છે. પણ રાગ વડે આત્મા પરનું કાર્ય કરે, કે દ્વેષવડે આત્મા પરનું કાર્ય બગાડે એમ નથી. અને જ્ઞાની જ્ઞાનભાવથી પોતાના નિર્મળ

**પાદાબ્જ શર્ણ લઈ જો છઉં ધ્યાન વંદ્ય,**
**તો નષ્ટ હું ભુવનપાવન ! હું જ વંદ્ય. ૪૦.**

પરિણામમાં જ વર્તે છે. નિર્મળ પરિણામમાં વર્તતો તે પરની કર્તૃત્વબુદ્ધિથી રહિત છે. જુઓ, આ સમ્યગ્દર્શનની રીત!

સમ્યગ્દર્શન!! ઓહો, અંતરના વસ્તુસ્વભાવને જ્યાં સમ્યગ્દર્શન વડે પ્રતીતમાં લીધો ત્યાં અપૂર્વ ધર્મ શરૂ થયો. આજે આઠ કુમારી બહેનો બ્રહ્મચર્ય લ્યે છે તે પ્રસંગે આ ઉત્તમ ગાથા આવી છે. ધર્મની અપૂર્વ વાત છે.

અજ્ઞાની નિજસ્વભાવને ભૂલીને વિકારનો કર્તા થાય છે, ને મૂઢતાથી પરનો કર્તા પોતાને માને છે, તથા બહારના ફળની અભિલાષા કરીને કર્મોથી બંધાય છે. જ્ઞાની ધર્માત્માને બહારની ક્રિયાઓમાંથી કર્તૃત્વબુદ્ધિ સર્વ છૂટી ગઈ છે; અલ્પ રાગાદિ હોય તેમાંય કર્તૃત્વબુદ્ધિ નથી ને તેના ફળને ઇચ્છતા નથી. જ્ઞાનરૂપ નિજભાવમાં જ કર્તૃત્વપણે વર્તે છે, એવા જ્ઞાનીને કર્મનો નવો લેપ લાગતો નથી, ને ક્ષણેક્ષણે નિર્જરા વધતી જાય છે. આ રીતે જ્ઞાનીની ક્રિયા કર્મબંધરૂપ ફળથી રહિત છે. આમ પોતાના સ્વભાવને સમજીને સ્વદ્રવ્ય ઉપર દૃષ્ટિ કરતાં સમ્યગ્દર્શનરૂપ અપૂર્વ ધર્મ થાય છે.

સ્વપર્યાયમાં વર્તતી વસ્તુમાં બીજા કોઈની ડખલગીરી નથી; આત્મા પોતાના સમ્યગ્દર્શનાદિ પરિણામરૂપ સ્વપર્યાયમાં વર્તે ત્યાં તેમાં કર્મ વગેરે કોઈ બીજાની ડખલ કે મદદ નથી; તેમજ આત્મા કોઈ બીજાની પર્યાયમાં ડખલ કે મદદ કરવા જતો નથી. એ જ રીતે અજ્ઞાની પણ પોતાના રાગાદિરૂપ સ્વપરિણામમાં વર્તે છે, તે રાગાદિભાવ બીજો કોઈ કરાવતો નથી, કે આત્મા તે રાગવડે બીજાના કામ કરતો નથી. બધી વસ્તુઓ સ્વતંત્રપણે પોતપોતાના સ્વપરિણામમાં જ વર્તી રહી છે. અહો, આવા સ્વતંત્ર વસ્તુસ્વભાવની ઘોષણા સર્વજ્ઞદેવે કરી છે, એ જ વાત દાંડી પીટીને સંતોએ જાહેર કરી છે.

★ અત્યાર સુધી કોઈ જીવે પરનું કાંઈ કર્યું નથી.

★ અત્યાર સુધી બીજાએ આ જીવનું કાંઈ સુધાર્યું કે બગાડ્યું નથી.

★ અજ્ઞાનદશામાં જીવ પોતાના રાગાદિભાવને કરે છે ને પોતે સ્વતંત્રપણે પોતાનું અહિત કરે છે.

★ જ્ઞાનદશામાં જીવ પોતાના જ્ઞાનભાવને જ કરે છે ને પોતે સ્વતંત્રપણે પોતાનું હિત કરે છે.

આવો સ્વતંત્ર વસ્તુસ્વભાવ સંતોએ પ્રસિદ્ધ કર્યો છે. તે સમજે તો પરની કર્તૃત્વબુદ્ધિ છૂટી, સ્વસન્મુખ થઈ, અજ્ઞાનભાવ છોડી, જ્ઞાનભાવે પોતે પોતાનું હિત કરે;—આનું નામ ધર્મ છે.

(ક્રમશઃ)




## શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન



(વૈશાખ વદ-૯, મંગળવાર) વ્યાખ્યાન નં. ૨૬ (ગાથા ૩૯)

ટીકા :—'ત્રિકાળ નિરુપાધિસ્વરૂપ શુદ્ધ જીવાસ્તિકાયને ખરેખર વિભાવસ્વભાવસ્થાનો નથી; પ્રશસ્ત તેમ જ અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષના અભાવને લીધે, માન-અપમાનના હેતુભૂત એવા કર્મોદયસ્થાનો પણ નથી; વળી શુભપરિણતિના અભાવથી શુભકર્મનો અભાવ છે, શુભકર્મનો અભાવ હોવાથી સંસારસુખનો અભાવ છે ને સંસાર સુખના અભાવને લીધે તેને હર્ષસ્થાનો નથી; તેમ જ અશુભપરિણતિના અભાવથી અશુભકર્મનો અભાવ છે, અશુભકર્મના અભાવથી દુ:ખનો અભાવ છે અને દુ:ખના અભાવથી અહર્ષસ્થાનો પણ જીવને નથી.'

જ્ઞાનાવરણાદિ આઠ કર્મો જડ છે, તેનાથી જીવ જુદો છે; અને તે કર્મોના નિમિત્તે જે શુભ કે અશુભ ભાવો થાય તે ઉપાધિભાવ છે. આત્માના ત્રિકાળી સ્વરૂપમાં તો ઉપાધિ નથી, આત્મા તો ત્રિકાળ નિરુપાધિસ્વરૂપ છે. એ જ શુદ્ધ જીવતત્ત્વ છે. જેઓ વિકારને આત્માનું સ્વરૂપ માને છે તેઓ શુદ્ધ જીવતત્ત્વને માનતા નથી. આ વાત સિદ્ધદશા પ્રગટ થાય ત્યારની નથી પણ ત્રિકાળની છે. આત્માનું મૂળસ્વરૂપ ત્રણેકાળે નિરુપાધિક છે. એવા નિરુપાધિકતત્ત્વને જાણે તો શુદ્ધભાવ પ્રગટે. આત્માનું જે સ્વાભાવિકરૂપ છે તેમાં રાગાદિ નથી, ને રાગાદિ ટળીને જે નિર્મળદશા પ્રગટે તેટલું પણ આત્માનું સ્વરૂપ નથી. અહીં તો મલિનપર્યાય તેમ જ નિર્મળપર્યાય એ બંનેને ઉપાધિભાવ કહ્યો છે; એ બંને વિભાવરૂપ સ્વભાવ છે, તેમાં કર્મની અપેક્ષા આવે છે. જેમાં કોઈ બીજાની અપેક્ષા નથી એવો સહજ એકરૂપ આત્મસ્વભાવ છે.

જેમ—સોનાના લાટા ઉપર કાળું વસ્ત્ર હોય કે રાતું વસ્ત્ર હોય, પણ તે કાંઈ સોનાનું સ્વરૂપ નથી. સોનું તો અંદર જુદું છે. ઉપરના લૂગડાના નાશથી કાંઈ સોનાનો નાશ થઈ જતો નથી, તેમ જ ખરાબ લૂગડું હોય તો કાંઈ સોનું બગડી જતું નથી. તેમ—સમ્યગ્દર્શનના વિષયભૂત આ આત્મા શુદ્ધસ્વરૂપી છે. કોઈ શુભ કે અશુભભાવો તેનું સ્વરૂપ નથી. શુભભાવ થાય તે રાતા લૂગડા જેવા છે અને અશુભભાવ થાય તે કાળા

દેવેન્દ્રવંદ્ય ! વિભુ ! વસ્તુરહસ્ય જાણ !
સંસારતારક ! જગત્પતિ ! જિનભાણ ?

લૂગડા જેવા છે, આત્માનું મૂળસ્વરૂપ તે બંનેથી જુદું છે. તે શુભાશુભભાવોના નાશથી કાંઈ આત્માનો નાશ થઈ જતો નથી, તેમ જ તેનાથી આત્માનું મૂળસ્વરૂપ વિકારી થઈ જતું નથી. જો શુભ-અશુભભાવો આત્માનું સ્વરૂપ હોય તો તેનો નાશ થતાં ભેગો આત્માનો ય નાશ થઈ જાય!

અહીં સોનું અને વસ્ત્રનું દૃષ્ટાંત તો સિદ્ધાંતને સહેલી રીતે સમજાવવા માટે છે. દૃષ્ટાંત અને સિદ્ધાંત સર્વ પ્રકારે મળતાં હોય નહિ. દૃષ્ટાંતમાં તો સોનું અને વસ્ત્ર સર્વથા જુદા પદાર્થો છે. પણ સિદ્ધાંતમાં તેમ નથી. અહીં આત્માનો ત્રિકાળીસ્વભાવ બતાવવો છે માટે શુભઅશુભને આત્માથી જુદાં કહ્યાં છે. પણ, જેમ આત્મા અને પુદ્‌ગલ સર્વથા જુદા બે પદાર્થો જ છે તેમ શુભ-અશુભભાવો કાંઈ આત્માથી સર્વથા જુદા કોઈ સ્વતંત્ર પદાર્થ નથી, તે આત્માનો જ પર્યાય છે; શુભાશુભભાવો આત્માના પર્યાયમાં જ થાય છે, પણ તે ક્ષણિક વિકારી પર્યાય જેટલું જ આખું આત્મસ્વરૂપ નથી; માટે આત્મસ્વરૂપથી તે ભિન્ન છે.

અહીં શ્રીઆચાર્યદેવ પર્યાયની એકતાબુદ્ધિ છોડાવીને આખો આત્મસ્વભાવ બતાવે છે; કેમ કે અનાદિકાળથી પોતાના આખા સ્વરૂપને જાણ્યું નથી તેથી જ જીવ રખડે છે. આખા સ્વરૂપની દૃષ્ટિથી તો વિકારી પર્યાયનો પણ આત્મામાં અભાવ છે. આત્મા ત્રણેકાળ નિરુપાધિક સ્વરૂપ છે, જેવા સ્વરૂપે જીવનું સદાય અસ્તિત્વ રહ્યા કરે તે જીવનું સ્વરૂપ છે; એ જ શુદ્ધ જીવાસ્તિકાય છે ને તેની શ્રદ્ધા તે સમ્યગ્દર્શન છે. જો ક્ષણિક વિકારરૂપે જીવને માને તો ત્રિકાળી અસ્તિતત્ત્વવાળું શુદ્ધ જીવતત્ત્વ શ્રદ્ધામાં આવે નહિ અને સમ્યગ્દર્શન થાય નહિ.

જીવનું પોતાનું સ્વરૂપ ઉપાધિવાળું છે નહિ, પણ પર્યાયદૃષ્ટિથી માત્ર ઉપાધિવાળું સ્વરૂપ માન્યું છે. અજ્ઞાનીને વિકાર જ ભાસે છે, વિકારરહિતપણું ભાસતું જ નથી. જ્ઞાની કહે છે કે આત્મામાં વિકાર રહિતપણું જ સદાય છે, વિકારવાળો આત્મા અમને ભાસતો જ નથી. હે જીવ! તારા આત્મસ્વભાવમાં રાગદ્વેષની ઉપાધિ નથી. જે તારા સ્વભાવમાં નથી તેને 'નાસ્તિ'પણે માન્યા વગર તે ટળશે નહિ. 'હું આત્મા સહજ જ્ઞાનસ્વરૂપી છું, મારા સ્વરૂપમાં કદી પુણ્ય-પાપરૂપ ઉપાધિ નથી. જો મારા સ્વરૂપમાં જ ઉપાધિ હોય તો પર્યાયમાંથી કદી હું તેને ટાળીને ઉપાધિરરહિત થઈ જ ન શકું. જેવા સિદ્ધભગવંતો સંપૂર્ણ ઉપાધિરહિત થઈ ગયા છે તેવું જ મારું સ્વરૂપ ઉપાધિરહિત છે. પર્યાયમાં જે ક્ષણિક ઉપાધિ છે તે, ત્રિકાળી નિરુપાધિ સ્વરૂપની ભાવનાથી ટળી જાય છે.'—આમ પોતાના

રક્ષો મને ભયદ દુઃખ સમુદ્રમાંથી !
આજે કરૂણહદ ! પુણ્ય કરો દયાથી ! ૪૧.

નિરુપાધિકસ્વરૂપને કબુલ્યા વગર જીવ ગમે તેટલા ઉપવાસ-દયા-દાન-ભક્તિ-પૂજા-યાત્રા-વ્રત-પડિમા વગેરે કરી કરીને જીવન પૂરું કરે તોય તેને ધર્મનો અંશ પણ પ્રગટે નહિ.

આત્માનો સ્વભાવ સર્વ પ્રકારના રાગાદિથી રહિત છે. જેનાથી તીર્થંકરનામકર્મ બંધાય એવો શુભભાવ હો કે સર્વાર્થસિદ્ધિનો ભવ જેનાથી મળે એવો શુભભાવ હો, ભગવાનની સમીપે અવતાર થાય એવો શુભ હો કે 'આત્માનો મોક્ષ કરું' એવા વિકલ્પરૂપ શુભભાવ હો—એ બધાય ભાવો રાગ છે, તે કોઈ ભાવો આત્માનું સ્વરૂપ નથી ને તેનાથી ધર્મ નથી. જે જીવ, તીર્થંકરનામકર્મ બંધાય એવા શુભભાવને પોતાનું સ્વરૂપ માને તે જીવને તીર્થંકરનામકર્મ હોય નહિ, જેનાથી સર્વાર્થસિદ્ધિનો ભવ મળે એવા ભાવને પોતાનું સ્વરૂપ માને તો તેને સર્વાર્થસિદ્ધિનો ભવ હોઈ શકે નહિ, ભગવાન પાસે જવાના શુભભાવને પોતાનું સ્વરૂપ માને તો તેને ભગવાનનો ભેટો થાય નહિ; કદાચ ક્ષેત્રથી ભગવાનની નજીક જાય તો પણ ભાવથી તો તે ભગવાનથી દૂર જ છે. અને જે જીવ 'મોક્ષ કરું' એવી શુભવૃત્તિને પોતાનું સ્વરૂપ માને તે જીવનો મોક્ષ થાય નહિ. સર્વ ઉપાધિરહિત આત્મસ્વરૂપને જે માને છે તે જીવ ઉપાધિ ટાળીને મુક્તિ પ્રાપ્ત કરે છે.

આત્મા ત્રિકાળ પૂર્ણસ્વરૂપ છે, તે ત્રિકાળસ્વરૂપમાં રાગ નથી, તેથી આત્માને ભગવાનની ઓશિયાળ નથી. આત્માના સ્વભાવને રાગનું પણ શરણ નથી તો પછી રાગના નિમિત્તરૂપ ભગવાન છે તેનું શરણ તો ક્યાંથી હોય? જે જીવ પોતાથી ભિન્ન ભગવાનનું શરણ માને છે તે રાંકો છે–પરનો ઓશિયાળો છે. જેણે ભગવાનનું શરણું માન્યું તેણે ભગવાન તરફનો રાગ કરવા જેવો માન્યો, પણ રાગરહિત ચૈતન્યસ્વભાવને ન માન્યો; તેથી તે જીવ અધર્મી છે. 'दीन भयो प्रभु पद जपे मुक्ति कहाँसे होय?' હું વિકારી છું, હું રાગી છું, ભગવાનની ભક્તિથી મારો ઉદ્ધાર થશે—એમ રાંકો થઈને જે જીવ ભગવાનની પ્રાર્થના કરે છે તે જીવની મુક્તિ ક્યાંથી થાય? હું રાગી છું, અપૂર્ણ છું–એમ માનીને પ્રભુપદની માગણી કરે તો પ્રભુપદ ક્યાંથી થાય? જે જીવ પોતાને ભગવાન સ્વરૂપ માને તે જીવ મુક્ત થાય છે. ભગવાને શુભરાગને ધર્મ કહ્યો નથી, છતાં જે જીવ ભગવાનની ભક્તિના શુભરાગથી ધર્મ માને છે તે જીવ ખરેખર ભગવાનનો ભક્ત નથી પણ વિરોધી છે. પર્યાયમાં ક્ષણિક રાગ હોવા છતાં તેની પક્કડ છોડીને, રાગરહિત પોતાનું સ્વરૂપ જે માને છે તે મોટો બાદશાહ છે, તે કોઈ પરની ઓશિયાળ માનતો નથી પણ પોતાના જ સ્વભાવનો આશ્રય કરીને મુક્તિ પામે છે. જે જીવ રાગરહિત સ્વભાવને

**ત્હારા પદાબ્જતણી–સંતતિથી ભરેલી,**
**ભક્તિતણું કંઈય જો ફલ વિશ્વબેલી !**

માનતો નથી ને ક્ષણિક રાગની જ પક્કડ કરે છે તે જીવ રાંકો છે, તે પરાશ્રય માની માનીને સંસારમાં રખડે છે.

પ્રશ્ન :—જ્ઞાની જીવો પણ ભગવાન પાસે ભક્તિ કરતી વખતે એમ બોલે છે કે 'હે નાથ! ભવોભવનું આપનું શરણ હજો.' જો ભગવાનનું શરણ ન હોય તો જ્ઞાની એમ કેમ બોલે?

ઉત્તર :—'ભવોભવ ભગવાનનું શરણ હજો' એમ માત્ર નિમિત્ત તરફની ભાષા છે. એ ભાષાના તો જ્ઞાની કર્તા નથી, એ ભાષા વખતે અંતરમાં જ્ઞાનીને એવો અભિપ્રાય હોય છે કે : રાગરહિત ચિદાનંદ મારું સ્વરૂપ છે એમ શ્રદ્ધા-જ્ઞાન થયા હોવા છતાં હજી પર્યાયમાં રાગ છે. જ્યાં સુધી રાગ હોય ત્યાં સુધી અશુભ રાગ તો અમને ન જ હો, પણ વીતરાગતાના નિમિત્ત પ્રત્યે લક્ષ હો, વીતરાગતાનું જ બહુમાન હો, રાગનું બહુમાન ન હો. શુભરાગ તૂટીને અશુભરાગ ન જ હો, હવે શુભરાગ લાંબો કાળ ટકી શકે નહિ, અલ્પકાળમાં તે ફરીને કાં તો વીતરાગ ભાવ ને કાં તો અશુભભાવ થાય. 'વીતરાગનું જ શરણ હો' એમાં જ્ઞાનીની એમ ભાવના છે કે આ શુભ તૂટીને અશુભ ન હો પણ શુભ તૂટીને વીતરાગતા હો. વીતરાગના બહુમાનનો રાગ થયો તે રાગ વખતે વીતરાગ તરફ લક્ષ હોય છે, પણ કાંઈ વીતરાગ ભગવાન મુક્તિ આપતા નથી, હું મારી તાકાતથી જ રાગ તોડીને ભગવાન થવાનો છું. જો આત્મામાં ભગવાન થવાની તાકાત ન હોય તો ભગવાન તેને કાંઈ કરી દેવા સમર્થ નથી. અને જો આત્મામાં જ ભગવાન થવાની તાકાત છે તો તેને ભગવાનની ઓશિયાળ નથી. હું સ્વતંત્ર ભગવાન છું—એવા સ્વભાવના ભાન વગર સ્વતંત્રતા પ્રગટે નહિ ને બંધન ટળે નહિ. વીતરાગ ભગવાનની પ્રાર્થનાના શુભરાગ દ્વારા ત્રણકાળ ત્રણલોકમાં ધર્મ થાય નહિ. જેને પોતાના સ્વતઃ શુદ્ધસ્વભાવની ખબર નથી તે જીવ પોતાને દેવ-ગુરુ-શાસ્ત્ર વગેરેનો ઓશિયાળો માને છે. આચાર્યદેવ એવી માન્યતાવાળાને જીવ કહેતા નથી. તે તો જડ જેવો છે— મૂઢ છે, તેને પોતાના ચૈતન્યતત્ત્વની ખબર નથી—એવા અજ્ઞાનીને આચાર્યદેવ સમજાવે છે કે હે ભાઈ! તારો આત્મા અનંતગુણનો પિંડ, પરમ પારિણામિકભાવસ્વરૂપ છે, તેને તું ઓળખ. શરીર-મન વાણીનો કે પુણ્ય-પાપનો આધાર ન રાખ, પર્યાયનો પણ આધાર છોડીને ત્રિકાળ સ્વભાવનો આધાર લે. પુણ્ય-પાપરહિત આત્મસ્વરૂપને માન્યા વગર પુણ્ય-પાપ ટળશે નહિ.

જેમ શરીરમાં ગૂમડું થયું હોય તેને જો રોગ તરીકે સમજે તો તેનું ઓપરેશન કરી

(જુઓ અનુસંધાન પેજ નં. ૧૫ ઉપર)

**તો તું જ એક શરણું જસ એહ મુજ,**
**હો શર્ણ આ ભવ ભવાંતરમાંય તું જ! ૪૨.**

# શ્રી ઈષ્ટોપદેશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(પ્રવચન નં. ૧૩, ગાથા ૧૬-૧૭)

## કોઈપણ પ્રયોજનાર્થે પૈસા રળવામાં કાળ ગુમાવવો મૂર્ખાઈ છે

હવે શિષ્ય પ્રશ્ન કરે છે કે મહારાજ ! તમે એટલી બધી ધનની નિંદા કરો છો પણ પૈસા હોય તો પુણ્ય થાય. પૈસા હોય તો દાન-પૂજા-ભક્તિ આદિ કરાય. પૈસા વિના શું કરવું ? શું તમે આ માંડી છે ? જોકે શિષ્ય એટલું કબૂલ કરે છે કે ધનથી પુણ્ય ઉપાર્જન કરાય છે પણ ધર્મ થાય તેમ નથી કહેતો. પૈસા હોય તો પાત્રદાન-સાધુ મહાત્માને દાન દેવાય, મોટા મંદિરો બનાવાય, મોટા ગજરથ કરાવાય ને ભગવાનની પૂજા થાય—આમ પૈસા હોય તો થાય નહીંતર શું કરાય ? ધનથી પુણ્ય ઉપાર્જન કરી શકાય છે. માટે તે પ્રકારે ધન ઉપાર્જન કરીને સ્વર્ગ મેળવી શકાય ને ! તેમ શિષ્યનો પ્રશ્ન છે તેનો ઉત્તર આપતાં ગુરુ કહે છે :—

त्यागाय श्रेयसे वित्तमवित्तः संचिनोति यः ।<br>
स्वशरीरं स पंकेन स्नास्यामीति विलंपति ।।१६।।

દાન-હેતુ ઉદ્યમ કરે, નિર્ધન ધન સંચેય,<br>
દેહે કાદવ લેપીને,માને, 'સ્નાન કરેય.' ૧૬.

જો નિર્ધન દાન-પૂજા મંદિર બનાવવા વિગેરે માટે પહેલાં પૈસા કમાય છે, ભેગા કરે છે, તો તે સ્નાન કરતાં પહેલાં શરીરને કીચડમાં લપેટવા જેવું છે. કાદવથી શરીરને મેલું કરીને પછી સ્નાન કરવા જેવું છે. અહા ! ધન કમાવવું તે શરીરને મેલું કરવા જેવું છે. કેમકે ધન કમાવવાનો ભાવ જ પાપ છે. પાપ કર્યા વિના ધન કોઈ દિવસ કમાવાય નહીં તો તે મેલા શરીર કરીને એટલે કે પાપ કરીને પછી સ્નાન એટલે કે પુણ્ય કરવા જેવું છે. અર્થાત્ ગાય મારીને કૂતરા ધરવવા જેવું છે. આમ પૈસા કમાઈને પુણ્ય કરવાનો ભાવ કરનાર મોટો મૂર્ખ છે. જો પૂર્વના પુણ્યને લઈને સહેજે પૈસા મળી ગયા હોય અને તેમાં રાગ ઘટાડીને જો કાંઈ દયા, દાન, ભક્તિ, પૂજાદિમાં ખર્ચે તો તેને પુણ્ય થાય છે. પરંતુ ધર્મ તો નહીં જ. કેમકે દેવ-પૂજા-દાનાદિથી ધર્મ થતો નથી.

નિર્ધન એવો વિચાર કરે છે કે પાત્રદાન કરવા માટે ધન કમાવવું જોઈએ. નોકરી

રે ! આમ વિધિથી સમાધિમને ઉમંગે,<br>
રોમાંચ કંચુક ધરી નિજ અંગઅંગે;

ખેતી આદિ કરીને પણ ધન કમાવવું જોઈએ, પણ ભાઈ નોકરીમાં પણ પાપ છે. ખેતી કે કોઈપણ ધંધામાં પણ ક્ષણે ક્ષણે પાપ છે. અરે, કાપડના ધંધામાં પણ મમતા પડી છે, તેથી તે પણ બધું પાપ જ છે. દુકાને બેસીને રળવાનો ભાવ તે જ પાપ છે. ચક્રવર્તી, બળદેવ આદિ કે જેમને મહાપુણ્ય હોય છે, તેમને પૂર્વના પુણ્યથી લક્ષ્મીના ઢગલા આવી ગયા હોય છે. તે લોકોને કમાવું પડતું નથી કારણ કે બહુ પુણ્ય હોય છે. તો કહે છે કે તેવા પૈસાને કલ્યાણ એટલે કે પુણ્યના હેતુ માટે પાત્રદાનાદિ કરે તો, ઠીક છે, પણ પાપ કરીને કમાઈને પછી પુણ્ય કરવું તે સાચો રસ્તો નથી. તે ધર્મ તો છે જ નહીં, પરંતુ પુણ્ય પણ સાચું નથી. પાપ કરવાનો ભાવ જ ખોટો છે. એ તો પહેલાં ઝેર ખાઈ લઉં પછી જીવીશ તેના જેવું છે. અહા ! અહીંયા તો ઈષ્ટ ઉપદેશ એ છે કે પૂર્વના પુણ્યને લઈને વધારે પાપ વિના સહેજે લક્ષ્મી મળી હોય જેમ કે વારસો આદિથી ધન મળ્યું હોય તો તેમાંથી રાગ ઘટે તેટલું પુણ્ય કર, છતાં પણ તે ધર્મ નથી. ધર્મ તો પુણ્ય-પાપના રાગ વિનાના શુદ્ધ ચૈતન્ય આત્માની દૃષ્ટિ કરવી તે છે. જેવી રીતે ચોમાસામાં ચારે બાજુ ડહોળા પાણી ભરાય છે, ત્યારે નદીમાં પણ ડોળું પાણી ભરાય છે. પરંતુ ઉજળા પાણીએ નદી ભરાતી નથી, તેમ પૈસો પણ પાપથી પૈદા થાય છે. કોઈને પણ પાપ વિના તે ભેગો થાય છે તે વાત છે જ નહીં. આવી રીતે શરીરને કીચડથી લપેટીને પછી સ્નાન કરનાર કુબુદ્ધિ છે. તેમ લક્ષ્મી પેદા કરીને પછી પુણ્ય કરીશ એમ માનનાર તેવો જ કુબુદ્ધિ છે તેમ કહે છે, પણ અહીંયા તો વધારે એ કહે છે કે પાપ કર્યા વિના દાન-પૂજાદિ કરવાનો ભાવ તે પુણ્ય છે, પણ તે ધર્મ નથી, ધર્મ તો દાન-પૂજાના ભાવથી અને રળવાના પાપભાવથી રહિત આત્માની શ્રદ્ધા જ્ઞાન કરે તો થાય છે, બાકી તે સિવાય ધર્મ છે નહીં.

વળી શિષ્ય કહે છે પ્રભુ ! પૈસા કમાવામાં પાપ ઘણું થાય છે એ વાત તો સાચી છે અને દુઃખનું કારણ હોવાથી પૈસા તો નિંદ્ય જ છે, પણ પૈસા વિના કોઈ ભોગ-ઉપભોગ મળે તેમ છે ! મકાન કપડાં ખોરાક વિગેરે માટે તો લક્ષ્મી જોઈએ ને ? તેનું શું ? આ અપેક્ષાએ-ભોગ-ઉપભોગમાં કામ આવે તે અપેક્ષાએ તો પૈસા ઠીક કહો !

(ક્રમશઃ) ❊

(અનુસંધાન પેજ નં. ૧૩ થી ચાલુ) (નિયમસાર પ્રવચન)

નાંખે. તેમ જે જીવ શુદ્ધચૈતન્યસ્વરૂપને જાણે અને હિંસા કે દયાદિના ભાવો તેનાથી જુદા છે એમ જાણે તે જીવ વિકારભાવોને છેદીને મુક્તિ પામે. પણ જે જીવ પોતાના નિરુપાધિ શુદ્ધસ્વરૂપને ઓળખે નહિ તે જીવ શુભાશુભ પરિણામને છોડે નહિ ને તેની મુક્તિ થાય નહિ.

(ક્રમશઃ) ❊



## અનુભવપ્રકાશ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગતાંકથી આગળ)

શાસ્ત્રમાં ત્રણ પ્રકારે કાળલબ્ધિ કહી છે.

(૧) કાળલબ્ધિ :—કર્મસહિત આત્માને—ભવ્ય જીવને અર્ધપુદ્‌ગલપરાવર્તન કાળ જેટલો સંસાર બાકી રહે, ત્યારે તે પ્રથમોપશમ સમ્યક્ત્વ ગ્રહણ કરવાને યોગ્ય થાય છે—તે પ્રથમ કાળલબ્ધિ.

(૨) કર્મલબ્ધિ :—જે વિશુદ્ધ પરિણામને વશે કર્મનો બંધ અંતઃક્રોડાક્રોડી સાગરની સ્થિતિનો પડે તથા સત્તામાં રહેલાં કર્મો કર્મબંધની સ્થિતિથી સંખ્યાત હજાર સાગર ઓછાં રહી જાય, ત્યારે જીવ પ્રથમોપશમસમ્યક્ત્વ ગ્રહણને યોગ્ય થાય છે.—તે બીજી કાળલબ્ધિ છે.

(૩) ભવલબ્ધિ :—જે ભવ્ય જીવ સંજ્ઞી પંચેન્દ્રિય હોય, પર્યાપ્ત અવસ્થા સહિત હોય, બધાથી વિશુદ્ધપરિણામી હોય તે પ્રથમોપશમસમ્યક્ત્વ ઉત્પન્ન કરે છે—તે ત્રીજી ભવની અપેક્ષાએ કાળલબ્ધિ છે.

આ ત્રણ સર્વજ્ઞે જોયેલી વાત છે. તે પોતાના આત્માની વાત છે. પોતાના માટે વિચાર કરે ત્યારે પર્યાય સ્વ તરફ વળે છે. પણ અર્ધપુદ્‌ગલપરાવર્તનકાળ તરફ કે કર્મ તરફ જોતો નથી. તેનું તો માત્ર જ્ઞાન કરાવ્યું છે. પોતા તરફ વળે છે, તેને અર્ધપુદ્‌ગલ-પરાવર્તનકાળ હોતો નથી, પણ બીજા કોઈ તેવા જીવો હોય તો તેનું જ્ઞાન કરાવેલ છે.

જે જીવ પોતા તરફ વળે છે તેને અર્ધપુદ્‌ગલપરાવર્તન કાળની સ્થિતિ રહેતી નથી, તેવા જીવને કર્મની સ્થિતિ લાંબી હોતી નથી, તેમ જ ઘણા ભવ હોતા નથી.

મેં સ્વભાવનું સાધન કરી મારા સ્વરૂપને સાધ્ય કર્યું છે એટલે મારી કાળલબ્ધિ પાકી ગઈ છે. જ્ઞાતાદ્રષ્ટા છું—એવા સ્વભાવનું સાધન કર્યું, ત્યારે કાળલબ્ધિ નિમિત્ત કહેવાય. પોતાના જ્ઞાતાદ્રષ્ટા સ્વભાવના આશ્રયે ધર્મ થાય છે. કોઈ નિમિત્તને સાધન કહ્યું નથી. કર્મની સ્થિતિ ઘટી છે અથવા અર્ધપુદ્‌ગલપરાવર્તનની અંદરમાં છે માટે સ્વરૂપનું સાધ્ય કર્યું છે—એમ કહ્યું નથી. કર્મો ઉપર અમારે જોવાનું નથી. માત્ર સ્વભાવ સામે

**સદ્‌બિમ્બ નિર્મળ મુખાંબુજ દૃષ્ટિ બાંધી,**
**ભવ્યો રચે સ્તવન જે તુજ ભક્તિ સાંધી. ૪૩.**

જોવાનું છે. કર્મોની સ્થિતિ ઘટે વગેરે નિમિત્તનું જ્ઞાન સાચું ક્યારે થાય? સ્વરૂપસાધનનું જ્ઞાન કરે ત્યારે અંતરમાં ધર્મરૂપી નૈમિત્તિક દશા થઈ. ત્યારે કાળલબ્ધિ નિમિત્ત કહેવાય. કાળલબ્ધિનું જ્ઞાન કરાવ્યું. પણ રાગથી કે કાળથી સ્વરૂપની પ્રાપ્તિ થતી નથી.

આ સાધ્ય-સાધક ભાવ જાણતાં અંતર્પરિણતિ સહજ સાધ્ય થાય છે. હવે તેનો વિસ્તાર કરે છે.

(૧) હું મનુષ્ય છું—એમ માનવું તે મિથ્યાભાવ છે. ત્યાં બહિરાત્મપણું સિદ્ધ થાય છે. હું દેવ છું ને નારક છું, હું ઢોર છું, આ શરીર મારું છે, શરીરની ક્રિયાથી લાભ થશે, નમસ્કારના જાપથી મને લાભ થશે—એમ માનવું તે મિથ્યાભાવ છે. એનું ફળ બહિરાત્મપણું છે. પુણ્ય-પાપરૂપ વિકારીભાવને પોતાના માનવા તે મિથ્યાભાવ છે, જ્ઞાયક સ્વરૂપથી જે બાહ્ય ભાવ છે તેમાં તન્મય થવું તે મિથ્યાભાવ છે. દયા, દાન, કામ, ક્રોધાદિના રાગભાવથી રંગાઈને શરીર, બૈરાં-છોકરાં ને દેવ-ગુરુ-શાસ્ત્રને લીધે લાભ માનવો તે મિથ્યાભાવ છે.

આ અગૃહીત મિથ્યાત્વની વાત કરી. અગૃહીત મિથ્યાત્વને ગૃહીત મિથ્યાત્વ સાધે છે. તે કેવી રીતે સાધે છે તે કહીએ છીએ. અતત્ત્વશ્રદ્ધાન મિથ્યાદર્શન છે, અયથાર્થ જ્ઞાન મિથ્યાજ્ઞાન ને અયથાર્થ આચરણ તે મિથ્યાઆચરણ છે.

આ દેવ-દેવી મને તારવામાં નિમિત્ત છે—એમ માને તે ગૃહીત મિથ્યાત્વ છે. સર્વજ્ઞને ક્ષુધા, તૃષા રોગ છે—એમ માનવું તે ગૃહીત મિથ્યાત્વ છે. કોઈ કહે કે દીકરા માટે ભક્તિ કરે ને દેવ-દેવલાને માને તો? તે બધું પાપ છે. અહીં તો કહે છે કે સર્વજ્ઞને ક્ષુધાવાળા માનીને દેવ તરીકે સ્વીકારે તેને અગૃહીત મિથ્યાત્વ તો છે જ પણ ગૃહીત મિથ્યાત્વ પણ છે. તેવો મિથ્યાભાવ બહિરાત્મપણું બતાવે છે, તેને અંતર્દષ્ટિ થઈ નથી, તેને ધર્મ થતો નથી.

વળી વસ્ત્ર-પાત્ર રાખે તેને ગુરુ માનવા તે મિથ્યાત્વ છે. વળી મુનિ નામ ધરાવીને તેની ભૂમિકા અનુસાર કષાય છોડ્યા નથી ને ઉદ્દેશી—અધઃકર્મી આહારાદિ લ્યે તો તે પણ વિષયારૂઢ છે. મુનિપણું પાલન ન કરી શકે તો જૈનદર્શનમાં દંડ નથી. તેણે નીચલી ભૂમિકામાં રહેવું પણ મુનિ થઈને દીવાબત્તી રાખે, ઘડિયાળ રાખે, સાથે તંબૂ આદિ રક્ષણ રાખે, પોતા માટે બનાવેલ આહાર લે તો તે વિષયારૂઢપણું છે, તેવા મુનિ સાચા નથી. તેને ગુરુ તરીકે સ્વીકારે તે ગૃહીત મિથ્યાદષ્ટિ છે.

તે હે જિનેન્દ્ર ! જનનેત્ર 'કુમુદચન્દ્ર'
ત્યાં ભોગવી સ્વરગ સંપદવૃંદ ચંગ;

દિગમ્બર જૈનાચાર્યોએ રચેલા ચારે અનુયોગમય શાસ્ત્ર જિનવાણી છે. સર્વજ્ઞ ત્રિલોકનાથે દિવ્યધ્વનિ દ્વારા કહેલાં શાસ્ત્ર-ષટ્‌ખંડાગમ, સમયસાર, પ્રવચનસાર વગેરે ગ્રંથો સિવાયનાં બધાં કલ્પિત શાસ્ત્રો છે, તેને માનવાં, મનાવવાં ને તેમાં સાચી વાત છે એમ માનવું ને મનાવવું તે ગૃહીત મિથ્યાત્વ છે, ને તે અગૃહીત મિથ્યાત્વને પુષ્ટ કરે છે.

મુનિને આહાર દેવાથી સંસાર પરિત (અંતવાળો-ટૂંકો) થાય એમ માને, વ્યવહારથી નિશ્ચય માને તે મિથ્યાત્વ છે, આને ગૃહીત મિથ્યાત્વ કહે છે, આને લીધે જીવ ચાર ગતિમાં રખડે છે.

ઊંધી માન્યતા બહિરાત્માને સિદ્ધ કરે છે. આવો મિથ્યાત્વભાવ સેવે છે તે સંસારમાં રખડવાના પાયા પાકા કરે છે. તેને ચાર ગતિમાં રખડવાની પનોતી બેઠી છે, તેણે રખડવાનું નક્કી કર્યું છે.

યથાર્થ સ્વરૂપને પ્રરૂપે ને અનેકાંત સ્વરૂપ બતાવે તે સત્‌શાસ્ત્ર છે. નિમિત્ત નિમિત્તથી છે ને નિમિત્તથી ઉપાદાન નથી—એમ યથાર્થ બતાવે છે. આ પુસ્તક ગૃહસ્થનું લખેલ છે એમ કહી દુર્લક્ષ કરવા જેવું નથી. મુનિના સમ્યગ્દર્શન-જ્ઞાનમાં ને શ્રાવકના સમ્યગ્દર્શન-જ્ઞાનમાં ફેર નથી. ચારિત્રમાં ફેર છે. આ ગ્રંથમાં યથાર્થ વસ્તુ બતાવી છે.

(૨) ‘‘સમ્યગ્ભાવ સાધક છે ને વસ્તુસ્વભાવ જાતિ સિદ્ધ થવી સાધ્ય છે.’’ સાચો ભાવ થવો તે સાધક છે. યથાર્થ ભાવ એટલે કે રાગ તે રાગ છે, સ્વભાવ તે સ્વભાવ છે—એમ સાચો ભાવ સાધક છે. તે અનંતા ગુણોને સિદ્ધ કરે છે. પોતાના બધા ગુણો જ્ઞાન, દર્શન, ચારિત્ર, વીર્ય, સ્વચ્છત્વ વગેરે પોતાના સ્વરૂપને ધરે છે. પૂર્ણદશામાં ભેદ નથી. ભેદ પડે ત્યાં પૂર્ણદશા ન હોય. કેવો છે ભાવ? જ્ઞાનગુણ અભેદ એકાકાર થયેલ છે. આમ સમ્યક્‌ભાવ કેવળજ્ઞાનને સિદ્ધ કરે છે. કેવળજ્ઞાનમાં ભેદ નથી.

અમારો ભાવ સાચો છે પણ કેવળજ્ઞાનની અમોને ખબર પડતી નથી, એમ કોઈ કહે અથવા ક્રમબદ્ધ પર્યાયનું નક્કી થતાં પુરુષાર્થ કાંઈ રહેતો નથી વગેરે કહે તો તેનો ભાવ સાચો નથી. જ્ઞાનગુણની પર્યાય ગુણ સાથે અભેદ થતાં કેવળજ્ઞાનરૂપ થાય છે, ત્યાં ભેદ નથી તેમ જ આવરણ નથી. આત્મા સ્વભાવવાન છે ને જ્ઞાન તેનો સ્વભાવ છે. સમ્યક્‌ભાવ અંશે શુદ્ધભાવ છે. તેની જાતિ અને કેવળજ્ઞાનની જાતિ એક છે, તેથી તે

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૪ ઉપર)


**નિઃશેષ કર્મમલ સંચય સાવ વામે,**
**તે શીઘ્ર તેહ ‘ભગવાન્’! શિવધામ પામે. (યુગ્મ) ૪૪.**

કલ્યાણમંદિર અપરનામ શ્રી પાર્શ્વનાથ સ્તોત્ર સમાપ્ત




## શ્રી છ ઢાળા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન

(ગાથા - ૪-૫)



# હે જીવ, સાંભળ ! આ તારા દુઃખની કથા

## તિર્યંચગતિનાં દુઃખોનું વર્ણન

एक श्वासमें अठदस बार, जन्म्यो मर्यो, भर्यो दुखभार ।
निकसी भूमि जल पावक भयो, पवन प्रत्येक वनस्पति थयो ।।४।।

નિગોદદશા વખતે એક શ્વાસ જેટલા કાળમાં અઢાર વખત જન્મ-મરણ કર્યા; ને ધગધગતા તેલમાં તળાવું વગેરે ઘણા દુઃખોનો ભાર સહન કર્યો. સિદ્ધદશા આત્માના આનંદથી ભરેલી છે, નિગોદદશા દુઃખના ભારથી ભરેલી છે. અહીં તો જરીક પ્રતિકૂળતા આવે કે અપમાનાદિક થાય ત્યાં રાડ નાંખે છે, પણ ભાઈ ! પૂર્વે અનંતકાળ તેં કેવા દુઃખમાં ગાળ્યો—એ બધું તું ભૂલી ગયો ? —અરે, એ યાદ કરતાં પણ વૈરાગ્ય આવે એવું છે.

અહીં સામાન્ય જીવોને દુઃખની તીવ્રતા સમજાવવા માટે, ૧૮ વાર જન્મ્યો ને મર્યો—એમ સંયોગથી વાત કરી છે, ખરેખર તો અંદર દેહમાં એકત્વબુદ્ધિ અને તીવ્ર મોહનું જ અનંતુ દુઃખ છે. એ જ રીતે નરકાદિના દુઃખમાં પણ વર્ણન તો છેદન-ભેદન વગેરે સંયોગેથી કરશે, પણ તે વખતે અંદરના મિથ્યાત્વભાવથી જીવ દુઃખી છે એમ સમજવું.

જીવ પોતાને ભૂલીને પરમાં જ મોહ્યો છે. શરીર સરખું હોય ત્યાં જાણે કે હું સુખી, શરીરમાં પ્રતિકૂળતા થાય ત્યાં જાણે હું દુઃખી; લાખ-બે લાખ રૂપિયા આવે ત્યાં જાણે હું વધી ગયો, ને પૈસા જાય ત્યાં જાણે જીવન હારી ગયો.—આમ મોહથી જીવ હેરાન થઈ રહ્યો છે. આ તો પંચેન્દ્રિય જીવની વાત થઈ, એકેન્દ્રિનાં દુઃખો તો અનંત છે. એની પાસે બહારમાં માત્ર શરીર છે, તે પણ એક શ્વાસમાં તો ૧૮ વાર છોડે છે ને નવા ધારણ કરે છે; એક મિનિટમાં તો હજારો ભવ થઈ જાય. એના દુઃખનું શું કહેવું ? પણ એ દુઃખ દેહબુદ્ધિનું જ છે. ભાઈ, દેહ તું નથી, તું તો ઉપયોગરૂપ આત્મા છો એમ સમજ તો દેહબુદ્ધિનાં તારાં દુઃખ ટળે.

● આ વાત તારા કાળજામાં બેસતાં તારું લક્ષ જ્ઞાન ઉપર જ રહેશે, એટલે રાગાદિનો આદર નહિ રહે. —પૂજ્ય ગુરુદેવશ્રી

અનંતા જીવો એક ઘરમાં (શરીરમાં) ભેગા રહે, આહાર બધાનો એક જ, શરીર બધા વચ્ચે એક, એકસાથે બધા જન્મે, એકસાથે બધા મરે;—તો તેમને કાંઈ ભાઈબંધી ખરી? ના; એકબીજાને કાંઈ લેવાદેવા નહીં; દરેક જીવ જુદો, દરેકના ગુણ જુદા, દરેકના પરિણામ જુદા; શરીર ભલે બધા વચ્ચે એક, પણ જીવ બધાના જુદા. ત્યાંથી મરીને કોઈ મનુષ્યમાં આવે ને કોઈ પાછો ત્યાં ને ત્યાં ઊપજે. દરેક જીવ પોતે એકલો પોતાના અનંત દુઃખને ભોગવે છે, નારકીના જીવો તો પંચેન્દ્રિય છે, નિગોદના જીવને માત્ર એક ઇન્દ્રિય છે, એની દશા ઘણી તૂચ્છ થઈ ગઈ છે; રાગ-દ્વેષ-મોહ પરિણામની ઘણી તીવ્રતા છે તે જ મહા દુઃખ છે. બહારમાં દુઃખ નથી. મોહ તે દુઃખ, ને મોહનો અભાવ તે સુખ. છેદન-ભેદન કે જન્મ-મરણ એ તો સંયોગથી વાત કરી છે. અંદર દેહની તીવ્ર મમતાથી જીવ મૂર્છાઈ ગયો છે. તેનું જ દુઃખ છે. જેમ કોઈ મનુષ્ય વારંવાર વસ્ત્રો પલટાવે—એ તેને વસ્ત્રની મમતા સૂચવે છે, તેમ નિગોદના જીવો એક મિનિટમાં હજારો વાર જન્મ-મરણ કરીને શરીર બદલાવે છે તેમાં તેને મોહની તીવ્રતા છે. મોહની તીવ્રતા વગર એવો પ્રસંગ હોય નહિ. જેમ અરિહંતોને મોહનો નાશ થઈ ગયો છે તો ફરીને દેહ ધારણ કરવાનું રહ્યું નથી; સમ્યગ્દષ્ટિને અલ્પ મોહ બાકી રહે ને એકાદ શરીર ધારણ કરવું પડે તો તે ઉત્તમ દેહને જ ધારે છે, હલકા ભવ તેને હોતા નથી. દેહની તીવ્ર મમતામાં મૂર્છાયેલો જીવ નિગોદમાં ઉપરા ઉપરી શરીર ફેરવ્યા કરે છે. પોતાનું ચૈતન્યપણું ચુકીને દેહમાં જ આખો અર્પાઈ ગયો છે. દેહથી જુદું પોતાનું કાંઈ અસ્તિત્વ જ તેને દેખાતું નથી. નિગોદને તો એવા શ્રવણનો કે વિચારનો અવકાશ રહ્યો નથી; એને નથી કાન, નથી મન; ને નથી દેખતા, નથી સાંભળતા કે નથી બોલી શકતા; એના દુઃખનું શું કહેવું? જેમ કોઈ રૂપાળા રાજકુમારને પકડી મજબૂત લોઢાની સાંકળથી બાંધી, તેના બધાં અંગોમાં સખત ડૂચા દઈ દીધા હોય, આંખમાં લોખંડના ખીલા મારી દીધા હોય, કાનમાં મજબૂત ખીલી મારી દીધી હોય, નાકના ઠેંફસામાં સીસું ભરી દીધું હોય, અને જીભને કાપી નાંખી હોય, પછી તેને સજ્જડ લોઢાની કોઠીમાં બંધ કરીને ચારે કોર અગ્નિ જલાવીને સેકે—અને તેને જે દુઃખ થાય તેથીયે વધુ દુઃખ નરકમાં છે; અને છતાં એ તો પંચેન્દ્રિયનું દુઃખ છે, પણ નિગોદના જીવોનું દુઃખ તો એનાથીયે અનંતગણું છે. પ્રતિકૂળ સંયોગ ઉપરથી કંઈક વર્ણન થાય, બાકી એનું દુઃખ તો કઈ રીતે સમજાવવું? જેમ સિદ્ધનું સુખ અતીન્દ્રિય, તેમ નિગોદનું દુઃખ પણ ઇન્દ્રિયોથી પાર. ત્યાં બહારમાં પ્રતિકૂળ સામગ્રી ભલે ન દેખાય પણ અંદર દુઃખનો પાર નથી.

● આવી જ્ઞાનબીજ જેને ઊગી તે અલ્પકાળમાં કેવળજ્ઞાન પ્રગટ કરીને પૂર્ણ પરમાત્મા થઈ જશે.
—પૂજ્ય ગુરુદેવશ્રી

આત્મા એવો છે કે એમાં અંતર્મુખ થઈને અનુભવ કરતાં આનંદનો પાર નથી, એ આનંદ ઇંદ્રિયાતીત છે, એ તો જે એને વેદે એને જ એની ખબર પડે. તેમ તે આત્માને ચૂકીને તેની ઊલ્ટી દશારૂપ જે દુઃખ છે તે પણ અનંત છે, એ દુઃખ તો જે વેદે એને ખબર પડે! (–એટલે તે તેને જાણતો નથી પણ વેદે છે, ને કેવળી જ એને જાણે છે.) અનંતા સુખથી ભરેલો આત્મા, તેની વિરાધનાનું દુઃખ પણ અનંતું છે. એકકોર સિદ્ધોનું સુખ, બીજીકોર નિગોદનું દુઃખ, બંને વચનથી કહ્યા જાય તેમ નથી. સિદ્ધો પણ એક ઠેકાણે અનંતા ભેગા રહ્યા છે ને સૌ પોતપોતાના સુખમાં મગ્ન છે; નિગોદિયા પણ એક ઠેકાણે એક શરીરમાં અનંતા ભેગા રહ્યા છે ને સૌ પોતપોતાના દુઃખમાં મગ્ન છે. અરે, એના વેદનની શી વાત! પંચાધ્યાયીકાર કહે છે કે જીવોને અનંત દુઃખોમાં જે બુદ્ધિગોચર દુઃખ છે તે તો દૃષ્ટાન્તથી સમજાવી શકાય છે, પરંતુ જે અબુદ્ધિગોચર ઘણું દુઃખ છે તે દુઃખ દૃષ્ટાંત દ્વારા સમજાવી શકાતું નથી. જેમ સિદ્ધનું અતીન્દ્રિયસુખ દૃષ્ટાંત દ્વારા સમજાવી શકાતું નથી તેમ નિગોદનું દુઃખ પણ દૃષ્ટાંત દ્વારા સમજાવી શકાતું નથી.

ભાઈ, અજ્ઞાનથી તેં નિજસ્વરૂપને ભૂલીને ઘણાં દુઃખો ભોગવ્યાં, ને ઘણા લાંબા કાળ સુધી ભોગવ્યાં, તેનું વર્ણન વાણીમાં પૂરું નથી આવતું. અનંત ગુણથી ભરેલા આખા આત્માને જ્યાં મિથ્યાત્વથી ઢાંકી દીધો, ને જ્યાં જ્ઞાનાદિનો અનંતમા ભાગનો જ ઉઘાડ રહ્યો, એવી નિગોદદશાના અનંતદુઃખમાં જીવે સંસારનો અનંતકાળ ગુમાવ્યો છે. સમુચ્ચયપણે એકેન્દ્રિયમાં ઉપરા ઉપરી જન્મ મરણ કર્યા કરે તો તેમાં રહેવાનો ઉત્કૃષ્ટકાળ અસંખ્ય પુદ્‌ગલપરાવર્તન (એટલે અનંતકાળ) છે. (આ સ્થિતિ એવા જીવની સમજવી કે જે તેમાંથી નીકળીને ફરી એકેન્દ્રિયમાં ગયો હોય; અનાદિના એકેન્દ્રિય જીવની આ સ્થિતિ ન સમજવી; બાદર કે સૂક્ષ્મ બધા ભવ તેમાં આવી જાય.) એ જ રીતે એકલા સૂક્ષ્મ એકેન્દ્રિયના ભવમાં ઉપરા ઉપરી જન્મ-મરણ કરીને રહેવાનો ઉત્કૃષ્ટકાળ અસંખ્યાત લોકપ્રમાણ સમય (અસંખ્યાત કાળ) છે; એકલા બાદર એકેન્દ્રિયમાં અસંખ્યાત–અસંખ્યાત ઉત્સર્પિણી–અવસર્પિણીકાળ છે. બાદર એકેન્દ્રિયમાં પણ પૃથ્વીકાય વગેરે દરેકમાં રહેવાનો ઉત્કૃષ્ટકાળ ૭૦ કોડાકોડી સાગર છે. સમુચ્ચયપણે વનસ્પતિકાયમાં રહેવાનો કાળ અસંખ્યાતા પુદ્‌ગલપરાવર્તન છે. પરંતુ એકલા નિગોદમાં (સાધારણ વનસ્પતિ કાયમાં) જન્મ-મરણ કરે ને વચ્ચે બીજા ભવ ન કરે–તો એ રીતે ઇતરનિગોદમાં રહેવાનો ઉત્કૃષ્ટકાળ અઢી પુદ્‌ગલ-પરાવર્તન છે. આ બધી વ્યવહારરાશિના જીવની વાત છે. એનાથી અનંતગણા જીવો તો એવા છે કે જે અનાદિથી હજી સુધી નિગોદમાં ને નિગોદમાં જ જન્મે-મરે છે, તેમાંથી બહાર બીજી ગતિમાં હજુ આવ્યા નથી. આમ ઘણાં

દીર્ઘકાળ સુધી જીવ એકેન્દ્રિયપણામાં મિથ્યાત્વને લીધે મહા દુઃખ પામ્યો છે. તેમાંથી નીકળીને અનંતકાળમાં ક્યારેક ત્રસપર્યાય પામે, તે ત્રસપર્યાયમાં પર્યાપ્તપણે રહેવાનો ઉત્કૃષ્ટકાળ બે હજાર સાગરોપમ છે. ને ત્રસપણામાં પણ મનુષ્યપર્યાય મળવી બહુ મોંઘી છે. ત્યાં સમ્યગ્દર્શનાદિ બોધિની ને મુનિદશાની દુર્લભતાની તો શી વાત!—

મનુષ્ય હોના મુશ્કિલ હૈ, સાધુ કહાંસે હોય?
સાધુ હુઆ સો સિદ્ધ હુઆ, કરણી રહી ન કોય.

અરે, મનુષ્યપણાની આવી દુર્લભતા છે; આવું મનુષ્યપણું તને મળ્યું છે, તો હે જીવ! મનુષ્યપણું પામીને ચાર ગતિનાં દુઃખોથી છૂટવા તું બોધિભાવના ભાવ. તે માટે આ ઉપદેશ છે. કેમકે—

મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;
સમ્યક્ત્વ-આદિક ભાવ રે! ભાવ્યા નથી પૂર્વે જીવે.

(નિયમસાર : ૯૦)

જીવોએ અજ્ઞાનથી રાગની ભાવના ભાવી છે, પણ રત્નત્રયની ભાવના કદી ભાવી નથી. ભાવના એટલે પરિણમન; રાગમાં એકમેક થઈને પરિણમ્યો પણ સમ્યગ્દર્શનાદિરૂપે પરિણમ્યો નહિ, તેથી જીવ સંસારમાં રખડી રહ્યો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રની પ્રાપ્તિ, ને મિથ્યાત્વાદિનો ત્યાગ—એવી દશા જીવને મહા દુર્લભ છે. એના વગર અનંતા જીવોનાં થોકેથોક નિગોદમાં દુઃખસાગરમાં પડ્યા છે. અનંતમા ભાવના જીવો જ નિગોદમાંથી બહાર આવે છે. એકકોર બાકીના બધા જીવો, ને બીજીકોર નિગોદના જીવો,—તેમાં જ્યારે જુઓ ત્યારે નિગોદના જીવો અનંતગુણા જ રહેશે. તે નિગોદમાંથી નીકળીને પૃથ્વીકાય વગેરેમાં આવવું પણ દુર્લભ છે ત્યાં મનુષ્યપણાની દુર્લભતાની તો શી વાત?

(ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૩૨ થી ચાલુ) (પ્રૌઢ માટેના પ્રશ્નો)

(૧૭) જે જીવના જ્ઞાનાદિક અનુજીવી ગુણોનો ઘાત ન કરે તેને .............. કર્મ કહે છે.

(૧૮) છ પર્યાપ્તિના નામો (૧) ................. (૨) ................ (૩) ..............
(૪) .............. (૫) .................(૬) ......................... છે.

(૧૯) મહાવિદેહક્ષેત્ર સંખ્યા અપેક્ષાએ ....................... છે.

(૨૦) મહાકષ્ટે અથવા મરીને પણ તું તત્ત્વનો કૌતુહલી થા. આ સમયસારનો ................



## શ્રી તીર્થંકર ભગવંતોએ ભાવેલી વૈરાગ્ય–અનુપ્રેક્ષા

(શિવકોટી આચાર્યકૃત ભગવતી આરાધનામાંથી)

### (૬) લોક–અનુપ્રેક્ષા

દેશાંતરમાં ભ્રમણ કરનાર પુરુષની માફક, સંસારમાં ભ્રમણ કરનાર જીવને તે–તે સ્થાનમાં નવા-નવા સ્વજનોનો સંબંધ થાય છે; આ પ્રકારે આ જીવ સર્વે જીવો સાથે બધા પ્રકારનો સંબંધોને પામ્યો છે. (૧૮૦૫)

સંસારમાં માતા હોય તે ભાર્યા બની જાય છે ને ભાર્યા હોય તે માતૃત્વને પામે છે, આ પ્રમાણે સંસારમાં સર્વે સંબંધો પરિવર્તનશીલ છે. (૧૮૦૬)

બીજા ભવની તો શી વાત ! આ સંસારવનમાં ધનદેવની માતા વસંતતિલકા અને બહેન કમળા, તે બંને એક જ ભવમાં તે ધનદેવની પત્ની થઈ. (૧૮૦૭)

આ સંસારમાં સર્વે સ્થાનો પરિવર્તન પામે છે : રાજા પણ દાસ બની જાય છે, ને દાસ રાજાપણાને પામે છે. (૧૮૦૮)

વિદેહક્ષેત્રનો અધિપતિ રાજા સુભોગ કૂળ-રૂપ-તેજ અને ભોગોમાં મહાન હતો, તોપણ પોતે કરેલા અશુભકર્મને લીધે તે વીષ્ટા-ઘરમાં કીડો થઈને ઉપજ્યો. (૧૮૦૯)

કોઈ જીવ, શુભ વર્ણ-ગંધ-રૂપનો ધારક મહાન ઋદ્ધિવંત દેવ થઈને પણ પાછો સ્વકર્મવશ દુર્ગંધયુક્ત મલિન ગર્ભવાસમાં રહે છે—અરે ! આવા સંસારવાસને ધિક્કાર હો. (૧૮૧૦)

આ સંસારમાં જીવને જે સ્વજન મિત્ર હોય છે, તે પણ અહીં અથવા પરલોકમાં શત્રુ થઈ જાય છે; તેમજ અહીં અથવા પરલોકમાં માતા પોતે જ પોતાના પુત્રનું માંસ ખાય છે—રે સંસાર ! (૧૮૧૧)

વળી અત્યંત દુઃખ દેનારો શત્રુ પણ પાછો મિત્ર બની જાય છે—આ રીતે જગતમાં શત્રુપણું કે સ્વજનપણું બંને પરિવર્તનશીલ છે. (૧૮૧૨)

વિમલા નામની સ્ત્રીને કારણે, સુદૃષ્ટિ નામના પુરુષને તેના વક્ર નામના સેવકે મારી નાખ્યો; તે મરીને પોતાની સ્ત્રીના જ ગર્ભમાં ઉત્પન્ન થયો ને ત્યાં જાતિસ્મરણ પામ્યો કે અરે ! જે મારી સ્ત્રી હતી તે જ મારી માતા થઈ છે, ને હું પોતે મારો પુત્ર થયો છું. (બૃહત કથાકોષ કથા ૧૫૩) (૧૮૧૩)

શ્રોત્રિય ક્રિયાકાંડી બ્રાહ્મણ થઈને કોઈ જીવ અભિમાનથી પાપ કરીને પરલોકમાં શ્વાન, સુવ્વર કે ચાંડાળ થાય છે. (૧૮૧૪)

સંસારમાં ભમતો જીવ સ્વકર્મ અનુસાર દરિદ્રતા કે ધનાઢ્યપણું, નિંદા કે સ્તુતિ, દુઃખ કે પુણ્ય-અભ્યુદય, અનેકવાર પામે છે, તેમજ પુરુષપણું, સ્ત્રીપણું તથા નપુંસકપણું પામે છે. (૧૮૧૫)

પુણ્યહીન જીવ દોષ ન કરવા છતાં લોકોમાં દોષિત મનાય છે; અને પુણ્યવાન જીવ લોકસમક્ષ દોષ કરવા છતાં નિર્દોષ ગણાય છે. (૧૮૧૬)

જેમ ચંદ્રની ચંદ્રિકા બંને પક્ષમાં સરખી હોવા છતાં લોકોને કૃષ્ણપક્ષ પર દ્વેષ થાય છે ને શુક્લપક્ષ પ્રિય લાગે છે; તેમ બે જીવોનું આચરણ એકસરખું હોવા છતાં લોકોમાં કોઈ પ્રિય થાય છે ને કોઈ અપ્રિય થાય છે. (૧૮૧૭)

—આવા પ્રકારે ચિન્તવન કરવામાં આવતાં આ લોકધર્મ એટલે કે સંસારનું સ્વરૂપ જીવને નિર્વેદભાવરૂપ વૈરાગ્ય પમાડે છે. અહા ! ધન્ય છે તે ભગવંતો....કે જેઓ આ લોકધર્મ—સંસારસ્વરૂપથી છૂટ્યા;—રાગદ્વેષમય સંસારથી જેઓ મુક્ત થયા તે ભગવંતો ધન્ય છે. (૧૮૧૮)

આ લોક—સંસાર વીજળી સમાન ચંચળ છે, પાણીના પરપોટા સમાન દુર્બળ—કસ વગરનો છે, વ્યાધિઓથી ઘેરાયેલો છે અને મૃત્યુ વડે હણાયેલો છે; આવા દુઃખથી ખદબદતા સંસારને જાણનાર જ્ઞાની તેમાં કેમ રમે ? તેમાં અનુરાગ કેમ કરે ?—ન કરે; તેનાથી વિરક્ત થઈને આત્મ—આરાધનામાં જ અનુરક્ત થાય. (૧૮૧૯)

(ઇતિ લોકભાવના)

---

(અનુસંધાન પેજ નં. ૧૮ થી ચાલુ) (અનુભવપ્રકાશ પ્રવચન)

પર્યાય પૂર્ણ થાય ત્યારે કોઈને ન જાણે અથવા અધૂરું જાણે એમ બને નહિ. તેને કર્મ નિમિત્તરૂપે રહે નહિ. આમ સ્વભાવજાતિ સિદ્ધ કરી.

શ્રદ્ધા દ્વારા પરમ અવગાઢ સમકિતનું નક્કી કરે. સમ્યક્ભાવ દ્વારા એવો નિર્ણય કરે કે વસ્તુના જાતિસ્વભાવો એટલે કે જ્ઞાન, દર્શન, ચારિત્ર આદિ પૂર્ણ થાય છે. પૂર્ણ ભાવો પ્રગટ થયા પછી કેવળજ્ઞાન અને કેવળદર્શન ક્રમે ઉપયોગરૂપ હોય એમ બને નહિ. જે જીવ કેવળજ્ઞાન અને કેવળદર્શનનો ક્રમે ઉપયોગ માને છે તેને સમ્યક્ભાવ પ્રગટ્યો નથી.

આ પ્રમાણે સમ્યક્ભાવ સાધક થઈને આવરણ રહિત શુદ્ધ સમ્યગ્રૂપ યથાવત્ બધા ગુણોને પૂર્ણરૂપે સાધે છે. (ક્રમશઃ) ❋

# સંસાર અસાર લાગે છે

પ્રશ્ન :–સંસારમાં ગમતું નથી, ને સંસાર છોડીયે સકાતો નથી, તો શું કરવું ?

ઉત્તર :–સાંભળ, હે ભાઈ ! શું જ્ઞાનમાં સંસાર છે ?–નથી; તો તે જ્ઞાનની ભાવના ભાવતાં સંસાર ક્યાં રહ્યો ? જો ખરેખર તને સંસાર ન ગમતો હોય તો તારી પરિણતિ તેમાં જ કેમ જાય છે ?–ત્યાંથી પાછી વળીને જ્ઞાનમાં કેમ નથી આવતી ? જ્ઞાનમાં ગમાડીને જ્ઞાનમાં પરિણતિ જોડ તો સંસાર તરફની પરિણતિ છૂટી જાય.

અમુક પ્રતિકૂળતા વખતે એમ લાગી જાય કે મને સંસાર નથી ગમતો–એ રીતે પાપોદય વખતે પણ સંસાર ઉપર ખૂબ અણગમો આવે છે, પણ તેનો અર્થ તો એ થયો કે પુણ્યોદયવાળો સંસાર તો ગમે છે ! એટલે એનો સંસારનો અણગમો સાચા હૃદયનો નથી, એને તો માત્ર પ્રતિકૂળતાનો અણગમો છે. જો સંસારનો જ અણગમો હોય તો તેણે પ્રતિકૂળતાથી ગભરાવાનું શું છે ? જેના ઉપર અણગમો છે તે વસ્તુ ભલે ગમે તેમ પરિણમો !–તેમાં મારે શું ? હું તો મને અત્યંત ગમતા એવા મારા સ્વભાવની ભાવનામાં જ રહીશ.

મને લાગ્યો સંસાર અસાર એ રે સંસારમાં,
નહીં જાઉં નહીં જાઉં નહીં જાઉં રે....
મેં જાણ્યું ચૈતન્યપદ સાર.... એ રે ચૈતન્યમાં
મસ્ત રહું....મસ્ત રહું....મસ્ત રહું રે....



# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

**પ્રશ્ન :—ગોમ્મટસારમાં કર્મને લઈને વિકાર થાય છે તેમ કહ્યું છે ને?**

ઉત્તર :—વિકારી અવસ્થા થાય છે તે પર્યાયની યોગ્યતાના સ્વકાળથી થાય છે, કર્મના લઈને થતી નથી. પણ નિમિત્તને આધીન થઈને વિકાર થાય છે તેથી ત્યાં નિમિત્તનું જ્ઞાન કરાવવા કર્મને લઈને થાય છે તેમ કહ્યું છે. સમયસારમાં પણ વિકારનો કર્તા પુદ્‌ગલ કર્મને કહ્યું છે. ત્યાં દૃષ્ટિનું દ્રવ્ય ઉપર જોર વર્તે છે તે બતાવવા વિકારરૂપે આત્મા થતો નથી તેમ બતાવીને જે અલ્પ વિકાર છે તેનો કર્તા પુદ્‌ગલ કર્મ છે તેમ કહેવામાં આવ્યું છે. પ્રવચનસારમાં વિકારનો કર્તા જીવ છે તેમ કહ્યું છે ત્યાં એ વિકારી પરિણમન કર્મનું નથી પણ જીવનું જ છે તેમ બતાવવું છે. જ્યાં જે અપેક્ષાથી કહ્યું હોય ત્યાં તે અપેક્ષા બરાબર સમજવી જોઈએ. તો જ વસ્તુનું સ્વરૂપ જેમ છે તેમ સમજવામાં આવી શકે.

રાગથી ભિન્ન પડી શુદ્ધ આત્માનું જ્ઞાન કરવું એ સમ્યગ્દર્શન છે. પૂજા, ભક્તિ, યાત્રા આદિ તો અનંતવાર કર્યા, પણ આત્માના સમ્યક્‌જ્ઞાન વિના ભવના અંત ન આવ્યા, ભવના અભાવ કરવાની મોસમનો આ સમય છે. નિયમસારમાં દિવ્યધ્વનિને સકલ જનતાના શ્રવણના સૌભાગ્યનું કારણ કહ્યું છે ને! આવી પરમ અધ્યાત્મની ગંભીર વાતો એ તો હીરા-માણેકના હારડા છે, એના મૂલ્ય શા?

**પ્રશ્ન :—જો કર્મ આત્માને વિકાર ન કરાવતાં હોય તો, આત્મામાં વિકાર થાય છે તેનું કારણ કોણ છે? સમ્યગ્દૃષ્ટિ જીવોને તો વિકાર કરવાની ભાવના હોતી નથી છતાં તેમને વિકાર તો થાય છે, માટે કર્મ વિકાર કરાવે છે ને?**

ઉત્તર :—કર્મ આત્માને વિકાર કરાવે એ વાત ખોટી છે. આત્માને પોતાની પર્યાયના દોષથી જ વિકાર થાય છે; કર્મ વિકાર કરાવતું નથી પણ આત્માની પર્યાયની તેવી યોગ્યતા છે. સમ્યગ્દૃષ્ટિને રાગ-દ્વેષ કરવાની ભાવના નથી છતાં રાગ-દ્વેષ થાય છે તેનું કારણ ચારિત્રગુણની તેની પર્યાયની લાયકાત છે. રાગ-દ્વેષની ભાવના નથી તે તો શ્રદ્ધાગુણની પર્યાય છે અને રાગ-દ્વેષ થાય છે તે ચારિત્રગુણની પર્યાય છે. પુરુષાર્થની નબળાઈથી રાગ-દ્વેષ થાય છે એમ કહેવું તે પણ નિમિત્તથી કથન છે. ખરેખર તો

## ચારિત્રગુણની જ તે તે સમયની યોગ્યતાને લીધે જ રાગ-દ્વેષ થાય છે

**પ્રશ્ન :—વિકાર થાય છે તે ચારિત્રગુણની પર્યાયની જ લાયકાત છે, તો પછી જ્યાં સુધી ચારિત્રગુણની પર્યાયમાં વિકાર થવાની લાયકાત હોય ત્યાં સુધી વિકાર થયા જ કરે, એમ થતાં વિકારને ટાળવાનું જીવને આધીન રહ્યું નહિ?**

ઉત્તર :—એકેક સમયની સ્વતંત્ર લાયકાત છે એવો નિર્ણય ક્યા જ્ઞાનમાં કર્યો? ત્રિકાળી સ્વભાવ તરફ ઢળ્યા વગર જ્ઞાનમાં એકેક સમયની પર્યાયની સ્વતંત્રતાનો નિર્ણય થઈ શકે નહિ અને જ્યાં જ્ઞાન ત્રિકાળી સ્વભાવમાં ઢળ્યું ત્યાં સ્વભાવની પ્રતીતિના જોરે પર્યાયમાંથી રાગ-દ્વેષ થવાની લાયકાત ક્ષણે ક્ષણે ઘટતી જ જાય છે. જેણે સ્વભાવનો નિર્ણય કર્યો તેની પર્યાયમાં લાંબો કાળ રાગ-દ્વેષ રહે એવી લાયકાત હોય જ નહિ, એવું જ સમ્યક્નિર્ણયનું જોર છે.

**પ્રશ્ન :—ભગવાન આત્મા વિકારનું કારક છે કે અકારક? શું વિકાર પરદ્રવ્યથી થાય છે? જો ના, તો પરદ્રવ્યથી પરાન્મુખ હોવાનો ઉપદેશ કેમ દેવાય છે? પર્યાયનું નિર્વિકારી હોવું દ્રવ્યને આધીન છે શું? કૃપા કરી બધાનું સમાધાન કરશો.**

ઉત્તર :—ભગવાન આત્મા નિર્વિકાર અતીન્દ્રિય આનંદનો પિંડ છે તે વિકારનું કારણ છે જ નહિ. પરદ્રવ્ય ઉપર લક્ષ કરવાથી વિકાર થાય છે પણ પરદ્રવ્યથી વિકાર થતો નથી. પરદ્રવ્ય ઉપર લક્ષ કરવાથી પર્યાય સ્વતંત્ર પોતાથી વિકારરૂપે થાય છે. સ્વદ્રવ્ય શુદ્ધ ચૈતન્યમૂર્તિ આનંદ સ્વરૂપ છે તેનાથી પર્યાય નિર્વિકાર થતી નથી પણ સ્વદ્રવ્યનું લક્ષ કરતાં પર્યાય પોતે પોતાથી સ્વતંત્રરૂપે નિર્વિકાર થાય છે અને પરદ્રવ્યનું લક્ષ કરવાથી પર્યાય વિકારી થાય છે તેથી આત્મા એકલો સ્વભાવથી રાગનો અકારક જ છે. જો આત્મા રાગનો અકારક ન હોય તો પરદ્રવ્યથી હઠવાનો—પરદ્રવ્યનું લક્ષ છોડવાનો ઉપદેશ છે તે નિરર્થક ઠરે. તેથી પરદ્રવ્યના લક્ષે જ વિકાર થતો હોવાથી પરદ્રવ્યથી હઠવાનો ઉપદેશ છે. વિકાર થાય છે તેમાં પરદ્રવ્ય નિમિત્ત છે તે નિમિત્ત-નૈમિત્તિક સંબંધ એમ જાહેર કરે છે કે આત્મા એકલો સ્વભાવથી વિકારનો અકારક જ છે.

**પ્રશ્ન :—આત્માને ક્રોધાદિરૂપ અથવા જ્ઞાનરૂપ કોણ કરે છે? શું કર્મનો ઉદય અથવા પ્રતિકૂલ સંયોગ તેને અજ્ઞાનરૂપ નથી કરતો?**

ઉત્તર :—જેમ સફેદ શંખ ગમે તેટલી કાળી માટી વિગેરે ખાય છતાં તે કાળી વસ્તુ સફેદ શંખને કાળો કરી શકતી નથી. તેમ ચૈતન્યસ્વરૂપ આત્માને ગમે તેવો આકરો

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૧ ઉપર)



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

મુમુક્ષુઃ—લગની ઘણી લાગી છે પણ પુરુષાર્થ ઊપડતો નથી?

બહેનશ્રીઃ—લગની લાગે અને પુરુષાર્થ ન ઊપડે એવું બને જ નહિ, અને પુરુષાર્થ ન ઊપડે તો લગની જ લાગી નથી. અંદરથી તૃષા લાગી હોય તો તે પાણી ગોતવાનો પ્રયત્ન કર્યા વગર રહે જ નહિ; પણ અંદર તરસ જ લાગી નથી. લગની લાગે તો પુરુષાર્થ થાય જ અને તો માર્ગ મળ્યા વગર રહે જ નહિ. ગુરુદેવે વિધિ ઘણી સ્પષ્ટતાથી બતાવી છે, પણ પોતાને અંદરથી લાગે તો વિધિ ગોતે ને? ખરેખર લગની લાગી જ નથી. વિધિ એક જ છે કે આત્માને ઓળખવો, આત્માનું અસ્તિત્વ ગ્રહણ કરવું. આત્મા કોણ છે? આત્મા શાશ્વત છે તે કઈ રીતે છે? વગેરે વિચાર કરીને નક્કી કરે અને એકત્વબુદ્ધિ તોડવાનો પ્રયત્ન કરે. પરમાર્થ પંથ એક જ છે, પણ તે પોતે કરતો નથી.

***પ્રશ્ન* :**—બહારની મીઠાશ હજી છૂટતી નથી, તો આત્મા મેળવવા શું કરવું? આગળ કેમ જવાય?

**સમાધાન :**—આત્મા બધાથી જુદો કોઈ અપૂર્વ છે એમ આત્માને ઓળખે તો ભવનો અંત થાય. ગુરુદેવે જ્ઞાયકને ઓળખવાનો માર્ગ બતાવ્યો છે તેને ઓળખે તો ભવનો અંત થાય. આત્માની મીઠાશ લાગવી જોઈએ. અંદરથી આત્માની મીઠાશ અને તેની જરૂરિયાત લાગે તો પુરુષાર્થ થાય. આત્માની મીઠાશ લાગતી નથી, અને બહારની મીઠાશ લાગે છે તો બહારનું મળે છે. અને જો આત્માની મીઠાશ લાગે છે તો આત્મા મળે છે. આત્માની મીઠાશ લાગતી નથી તો આત્મા ક્યાંથી મળે? તેને અંતરથી આત્માની અપૂર્વતા લાગવી જોઈએ. જેમ ભગવાન કોઈ જુદા છે તેમ મારો આત્મા ભગવાન જેવો છે—આમ ઓળખે તો આગળ જવાય.

***પ્રશ્ન* :**—શ્રીમદ્ રાજચંદ્રજીનાં વચનામૃતમાં આવે છે કે તું બીજું કાંઈ શોધ મા, એક સત્ પુરુષને શોધીને તેના ચરણકમળમાં સર્વભાવ અર્પણ કરી દે, પછી તને જો મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે. તેની વિશેષ સ્પષ્ટતા સમજાવવા કૃપા કરશો.

**સમાધાન :—**તત્ત્વને જેણે ગ્રહણ કર્યું છે, સ્વાનુભૂતિ જેણે પ્રગટ કરી છે, માર્ગ જેણે પ્રગટ કર્યો છે, અને જેઓ માર્ગને જાણે છે એવા એક સત્ પુરુષને ગોત, તેઓ તને બધું કહેશે. તને અંતરથી કાંઈ સમજાતું નથી તો સત્ પુરુષને શોધ અને પછી સત્ પુરુષ જે બધું કહે છે તેનો આશય ગ્રહણ કરી લે.

મોક્ષ મારી પાસેથી લેજે એટલે કે તને મોક્ષ મળવાનો જ છે, સત્ પુરુષને તેં ગ્રહણ કર્યા અને ઓળખ્યા તો તને માર્ગ મળવાનો જ છે, મોક્ષ પ્રગટ થવાનો જ છે. માટે 'મોક્ષ ન મળે તો મારી પાસેથી લેજે.' તેનો અર્થ એ છે કે તને મોક્ષ મળવાનો જ છે.

અનંતકાળથી સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું નથી, તેને દેવ-શાસ્ત્ર કે ગુરુ મળે અને પોતાનું ઉપાદાન તૈયાર હોય તો પ્રાપ્ત થાય. એવો નિમિત્ત—ઉપાદાનનો સંબંધ છે. અંતરથી દેશનાલબ્ધિ પ્રગટ થાય એટલે અવશ્ય સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય. સમ્યગ્દર્શન થાય છે પોતાના ઉપાદાનથી, પણ નિમિત્ત સાથે એવો સંબંધ હોય છે. માટે તું એક સત્ પુરુષને ગોત, તેમાં તને બધું જ મળી રહેશે. સત્ પુરુષ તને મળે અને માર્ગ પ્રાપ્ત થયા વગર રહે તેવું બનતું નથી, અવશ્ય માર્ગ પ્રાપ્ત થાય જ. કારણ કે સત્ પુરુષ પ્રત્યે તને ભક્તિ અને અર્પણતા આવી છે તથા તેં સત્ પુરુષને ઓળખ્યા છે તો તને આત્મા ઓળખાયા વગર રહેશે જ નહિ.

જે ભગવાનને ઓળખે તે પોતાને ઓળખે અને પોતાને ઓળખે તે ભગવાનને ઓળખે. ભગવાનના દ્રવ્ય—ગુણ—પર્યાયને ઓળખે તે પોતાના દ્રવ્ય—ગુણ—પર્યાયને ઓળખે. તું સત્ પુરુષને ઓળખ, તો તને આત્મા ઓળખાયા વગર રહેશે જ નહિ. તેનાથી અવશ્ય તને સ્વાનુભૂતિની પ્રાપ્તિ થશે અને અવશ્ય તને મોક્ષ મળશે જ. અનાદિકાળથી પોતાને માટે અજાણ્યો માર્ગ છે, તેથી સમ્યગ્દર્શનની તૈયારી થાય અને પહેલું—વહેલું સમ્યગ્દર્શન થાય ત્યારે દેવ કે ગુરુનું નિમિત્ત અવશ્ય હોય છે. માટે તું સત્ પુરુષને ગોત એમ કહે છે. સત્ પુરુષને તું ઓળખ તો તને આત્મા ઓળખાયા વગર રહેશે નહિ એવો તેનો અર્થ છે.

પોતે સત્ પુરુષને ગ્રહણ કર્યા—ઓળખ્યા—ક્યારે કહેવાય? કે આત્માની પ્રાપ્તિ થાય તો, જો આત્મ-પ્રાપ્તિ ન થાય તો સત્ પુરુષને તેણે ઓળખ્યા જ નથી, ગ્રહણ કર્યા જ નથી અને તેનો આશય ગ્રહણ કર્યો જ નથી. (ક્રમશઃ) ❋

## બાળ વિભાગ

## ૬. સ્થિતિકરણ–અંગનું વર્ણન

કોઈ કષાયવશ, રોગાદિની તીવ્ર વેદનાવશ, કુસંગથી, લોભથી કે અનેકવિધ પ્રતિકૂળતાના પ્રસંગમાં ધર્મી જીવ શ્રદ્ધાથી કે ચારિત્રથી ડગતો હોય કે શિથિલ થતો હોય તો પ્રેમપૂર્વક વૈરાગ્ય–ઉપદેશથી કે બીજા અનેક ઉપાયથી ધર્મમાં તેને સ્થિર કરવો, પોતાના આત્માને પણ ધર્મમાં દૃઢ કરવો ને બીજા સાધર્મીને પણ ધર્મમાં દૃઢ કરવો—તે સ્થિતિકરણ છે.

શરીરમાં કોઈ રોગ આવે, અચાનક મોટી ખોટ જાય, સ્ત્રી-પુત્રાદિનું મૃત્યુ થયું હોય, વિષયોથી મન ચલિત થતું હોય, કોઈ વિશેષ માન-અપમાનનો પ્રસંગ બન્યો હોય, ત્યાં પોતાના પરિણામને શિથિલ થતા દેખે તો ધર્માત્મા તરત જ્ઞાન-વૈરાગ્યની ભાવના વડે પોતાના આત્માને ધર્મમાં દૃઢ કરે કે અરે આત્મા! આ તને શું થયું? આવો મહા પવિત્ર રત્નત્રયધર્મ પામીને આવી કાયરતા તને શોભતી નથી. તું કાયર ન થા. અંતરમાં શુદ્ધ આત્મસ્વરૂપ દેખ્યું છે તેની ફરી ફરીને ભાવના કર. સંસારના દુર્ધ્યાન વડે તો અનંતવાર નરકાદિના તીવ્ર દુઃખો તેં ભોગવ્યાં; માટે, હવે દુર્ધ્યાન છોડ ને ચૈતન્યની ભાવના ભાવ. આમ, અનેક પ્રકારના ચિંતનથી પોતાના આત્માને ધર્મમાં સ્થિર કરે તથા બીજા સાધર્મીજનોને પણ પોતાના જ સમજીને સર્વ પ્રકારની સહાયથી ધર્મમાં સ્થિર કરે. એવો ભાવ ધર્માત્માને હોય છે. કોઈને ઉપદેશ વડે ઉત્સાહિત કરે, કોઈને ધનથી પણ મદદ કરે, કોઈને શરીરથી સેવા કરે, કોઈને ધૈર્ય આપે, કોઈને અધ્યાત્મની મહાન ચર્ચા સંભળાવે—એમ સર્વ પ્રકારે તનથી-મનથી-ધનથી-જ્ઞાનથી ધર્માત્માની મુંઝવણ મટાડીને તેને ધર્મમાં દૃઢ કરે.

અરે! અનંતકાળે આવો મનુષ્યભવ ને જૈનધર્મ મળ્યો તેને ચૂકી જશો તો ફરી અનંતકાળે આવો અવસર મળવો કઠણ છે. અત્યારે જરાક પ્રતિકૂળતાનાં દુઃખથી ડરી જઈને જો ધર્મની આરાધના ચૂકી જશો તો સંસારમાં નરકાદિના અનંત દુઃખ પાસે તો આ પ્રતિકૂળતા કાંઈ જ હિસાબમાં નથી. માટે, કાયર થઈને આર્ત્તપરિણામ ન કરો, વીર થઈને ધર્મધ્યાનમાં દૃઢ રહો. આર્ત્તધ્યાનથી તો ઊલ્ટું વધુ દુઃખ થશે. સંસારમાં તો પ્રતિકૂળતા હોય જ, માટે ધૈર્યપૂર્વક ધર્મધ્યાનમાં દૃઢ રહો. તમે તો મુમુક્ષુ છો, ધર્મના જાણનાર છો, જ્ઞાનવાન છો, તો આ પ્રસંગે દીન થવું શોભતું નથી; વીરતાપૂર્વક આત્માને સમ્યક્ત્વાદિની ભાવનામાં દૃઢપણે જોડો...પૂર્વે અનેક મહાપુરુષો—પાંડવો, સીતાજી વગેરે થયા, તેમને યાદ કરીને

આત્માને ધર્મની આરાધનામાં ઉત્સાહિત કરો. આમ, પોતાના તેમ જ પરના આત્માને સંબોધન કરીને ધર્મમાં સ્થિર કરે છે, તે સમ્યગ્દષ્ટિનું સ્થિતિકરણ અંગ છે. પ્રતિકૂળતા આવે ત્યાં મુંઝાઈ ન જાય તેમ જ બીજા સાધર્મીને મુંઝાવા ન દે. અરે ! મરણ આવે કે ગમે તેટલી પ્રતિકૂળતા આવે પણ હું મારા ધર્મથી ડગું નહીં, મારા આત્માની આરાધનાને છોડું નહીં—એમ ધર્મી નિઃશંકપણે દઢપરિણામથી પોતાના આત્માને ધર્મમાં સ્થિર રાખે છે. કોઈ ભય બતાવે, લાલચ બતાવે તોપણ ધર્મથી ડગતા નથી. જે જીવ મોક્ષનો સાધક થયો તેના આત્મપરિણામમાં આવી દઢતા હોય છે.

સમ્યગ્દષ્ટિને સમ્યક્ત્વાદિ નિશ્ચયધર્મમાં જેટલી સ્થિરતા છે તેટલો ધર્મ છે, તે વીતરાગભાવ છે; અને બીજા સાધર્મીને ધર્મમાં સ્થિર કરવાનો જે ભાવ છે તે શુભરાગ છે, તે કાંઈ ધર્મ નથી પણ ધર્મીને ધર્મપ્રેમનો તેવો ભાવ આવે છે. શ્રેણિકરાજાના પુત્ર વારિષેણમુનિએ પોતાના મિત્રનું મુનિપણામાં સ્થિતિકરણ કર્યું. તેની કથા આપે વાંચી. આ રીતે સ્થિતિકરણ અંગનું વર્ણન કર્યું.

---

(અનુસંધાન પેજ નં. ૨૭ થી ચાલુ)

કર્મનો ઉદય આવે ને આકરા પ્રતિકૂળ સંયોગો આવે તોપણ તે જ્ઞાનસ્વરૂપ આત્માને અજ્ઞાનરૂપે કરી શકતા નથી કે ક્રોધાદિ કષાયરૂપે પરિણમાવી શકતા નથી. આત્મા જો ક્રોધાદિ અજ્ઞાનરૂપે પરિણમે છે તો તે પોતાના જ અપરાધથી પરિણમે છે પણ પરદ્રવ્યો આત્માને બિલકુલ વિકાર કરાવી શકતા નથી. દેવ-ગુરુ આદિ પરદ્રવ્યના લઈને આત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપે થાય છે એમ નથી પણ આત્મા પોતે જ પોતાથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર ગુણરૂપે પરિણમે છે તેથી સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર પ્રગટ થાય છે. પરદ્રવ્ય આત્માને અજ્ઞાની કે જ્ઞાની બિલકુલ કરી શકતા નથી. આત્મા પોતે જ પોતાના અપરાધથી ક્રોધાદિરૂપ અને પોતાના ગુણથી જ્ઞાનરૂપે થાય છે.

---

(અનુસંધાન પેજ નં. ૩૩ થી ચાલુ)　　(બાળકોના પ્રશ્નો)

(૧૮) સમ્યક્પ્રકારે કાય અને કષાયને ક્ષીણ કરવું તેને .............. કહે છે.
(સલ્લેખના, પ્રતિક્રમણ, પ્રૌષધોપવાસ)

(૧૯) આજ્ઞાવિચય એ ................ નો પ્રકાર છે.　(ધર્મધ્યાન, શુક્લધ્યાન, રૌદ્રધ્યાન)

(૨૦) સૈધાન્તિક નિયમાનુસાર તીર્થંકર ભગવાનનાં જન્મ ................ માં થાય છે.
(હસ્તિનાપુર, વારાણસી, અયોધ્યા)

## (૯૩)

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

(ખાલી જગ્યા ભરો.)

(૧) કેવળી-સિદ્ધ ભગવાન રાગાદિરૂપ પરિણમતા નથી અને સંસાર અવસ્થાને ઈચ્છતા નથી તે ................. નું બળ જાણવું.

(૨) તેથી ન કરવો રાગ જરીએ ક્યાંય પણ .....................

(૩) શ્રુતકેવળીને જે તત્ત્વશ્રદ્ધાન છે તેને સમ્યક્ત્વ કહે અને કેવળજ્ઞાનીને જે તત્ત્વશ્રદ્ધાન છે તેને ................... સમ્યક્ત્વ કહે છે.

(૪) એક સૂર્ય અને એક ચંદ્ર સાથે ................... નક્ષત્ર ............... ગ્રહ અને ................. ક્રોડાક્રોડી તારાઓનો સમૂહ (પરિવાર) રહે છે.

(૫) મિથ્યાદૃષ્ટિ જીવને પુણ્યપ્રકૃતિનો ઉત્કૃષ્ટ બંધ ........................ નો થાય છે.

(૬) કલ્યાણમંદિર સ્તોત્ર ............................ એ રચેલ છે તથા તેમાં ................. ભગવાનની સ્તુતિ કરેલ છે.

(૭) દીક્ષા પહેલા પૂજ્ય ગુરુદેવશ્રીની દુકાન ................. ગામમાં હતી.

(૮) વિકલત્રય તિર્યંચ ફક્ત .................... માં જ રહે છે

(૯) પૂજ્ય ગુરુદેવશ્રીએ દીક્ષા ..................... ગામમાં સંવત ૧૯૭૦ના માગશર સુદી ........... ને ............... વારે લીધી હતી.

(૧૦) પૂજ્ય ગુરુદેવશ્રીએ દીક્ષા પહેલા વડોદરામાં................. નાટક જોયું હતું અને ભાવનગરમાં ...................... નું નાટક જોયું હતું.

(૧૧) દ્વિતીયોપશમ સમ્યક્ત્વ ............... ગુણસ્થાનથી લઈને .............. ગુણસ્થાન સુધી હોય છે.

(૧૨) ......................આચાર્યદેવે આજીવન વસ્ત્ર ગ્રહણ કર્યા ન હતા.

(૧૩) ક્ષયોપશમ સમ્યક્ત્વનું બીજું નામ ..................... છે.

(૧૪) કષાયોનાં અસંખ્યાત ........................ સ્થાન છે.

(૧૫) ભરત ચક્રવર્તી ....................... વર્ષ ચક્રવર્તીપદમાં રહ્યા હતા.

(૧૬) જે જીવના જ્ઞાનાદિક અનુજીવી ગુણોનો ઘાત કરે તેને .................. કર્મ કહે છે.

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૨ ઉપર)

## (૯૩) બાળકો માટેના પ્રશ્નોત્તર

(કૌંસમાં આપેલ ત્રણ વિકલ્પમાંથી સાચો ઉત્તર ગોતીને ખાલી જગ્યા ભરો.)

(૧) નવ તત્ત્વમાં ..................... તત્ત્વ ઉપાદેય છે. (આસ્રવ, પુણ્ય, મોક્ષ)

(૨) લોકાકાશના દરેક પ્રદેશ પર એક એક ...............દ્રવ્ય રહેલ છે. (જીવ, પુદ્ગલ, કાળ)

(૩) મન સહિતના જીવને ................ કહે છે. (સંજ્ઞી, અસંજ્ઞી, વિકલત્રય)

(૪) મલ્લિનાથ ભગવાનનો છદ્મસ્થકાળ ................ નો હતો. (૬ વર્ષ, ૬ દિવસ, ૬ માસ)

(૫) દ્રવ્યના એક ગુણ બીજા ગુણ રૂપે ................. સામાન્ય ગુણના કારણે થતા નથી. (પ્રદેશત્વ, અગુરુલઘુત્વ, દ્રવ્યત્વ)

(૬) પહેલા ગુણસ્થાનમાં ................. જ્ઞાન હોઈ શકે છે. (ચાર, બે, ત્રણ)

(૭) રાગ-દ્વેષ એ ................. ગુણની વિકારી પર્યાય છે. (ચારિત્ર, દર્શન, જ્ઞાન)

(૮) વસ્તુના એક ભાગને જાણવાવાળા જ્ઞાનને ................ કહે છે. (પ્રમાણ, નય, નિક્ષેપ)

(૯) પૂજ્ય બહેનશ્રી ચંપાબેને સ્વાધ્યાયમંદિરમાં .............. શાસ્ત્ર બિરાજમાન કરેલ છે. (તત્ત્વાર્થસૂત્ર, સમયસાર, પ્રવચનસાર)

(૧૦) આયુકર્મની ઉત્કૃષ્ટ સ્થિતિ ................. સાગરોપમની છે. (૩૩, ૨૧, ૩૧)

(૧૧) શરીર પરનું મમત્વ છોડી બાહ્ય અને અભ્યંતર પરિગ્રહના ત્યાગને .............. તપ કહે છે. (વ્યુત્સર્ગ, વિનય, વૈયાવૃત્ય)

(૧૨) ૧૨, ૧૩ અને ૧૪માં ગુણસ્થાનમાં ................ સમ્યક્ત્વ હોય છે. (ક્ષયોપશમ, ઔપશમિક, ક્ષાયિક)

(૧૩) સુધર્માસ્વામી મોક્ષ પધાર્યા ત્યારે ............... ને કેવળજ્ઞાન થયું હતું. (ગૌતમસ્વામી, અકલંકસ્વામી, જમ્બૂસ્વામી)

(૧૪) નરકગતિમાં પર્યાપ્તિ .................. હોય છે. (૪, ૫, ૬)

(૧૫) પહેલા ગુણસ્થાનથી ચોથા ગુણસ્થાન સુધી .................. લેશ્યા પૈકી કોઈ લેશ્યા હોઈ શકે છે. (૪, ૬, ૩)

(૧૬) ઉમાસ્વામીના ગુરુ ............... આચાર્ય હતા. (પૂજ્યપાદ, કુંદકુંદ, ગુણભદ્ર)

(૧૭) .............. મુનિરાજનો કુષ્ટરોગ એકીભાવ સ્તોત્રથી દૂર થઈ ગયો હતો. (વાદિરાજ, જિનસેન, ધરસેન)

(જુઓ અનુસંધાન પેજ નં. ૩૧ ઉપર)

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્‌ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | |
|---|---|
| પ્રાતઃ ૬-૦૫ થી ૬-૧૫ : | પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહિનશ્રીનું માંગલિક અને સુવર્ણપુરી જયમાલા |
| પ્રાતઃ ૬-૧૫ થી ૬-૩૫ : | પૂજ્ય બહેનશ્રીની ધર્મચર્ચાની ઑડિયો-ટેપ |
| સવારે ૮-૪૫ થી ૯-૪૫ : | શ્રી સમયસાર ઉપર (૧૮મી વારના) પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૩-૦૦ થી ૪-૦૦ : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |
| બપોરે ૪-૦૦ થી ૪-૩૦ : | શ્રી જિનેન્દ્ર ભક્તિ |
| રાત્રે ૭-૪૫ થી ૮-૪૫ : | પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD** પ્રવચન |

## પ્રૌઢ માટે આપેલ પ્રશ્ન એપ્રિલ– ૨૦૨૧ના ઉત્તર

(૧) પુરુષાર્થ
(૨) અનિત્ય
(૩) વિષ્ણુકુમાર
(૪) ભેદ
(૫) નિશ્ચય
(૬) અકલંક
(૭) પોતાનું સ્વરૂપ
(૮) તત્ત્વમાં – તત્ત્વ
(૯) ઝેર (કાળા નાગ)
(૧૦) ૨૭૧ ૨૭૫
(૧૧) ૧૨ – ૧૪
(૧૨) અસંખ્ય – અનંત
(૧૩) ૧૯૯૫
(૧૪) હસ્તિનાપુર
(૧૫) ૧૯૭૮
(૧૬) ૨૦૧૩
(૧૭) ચતુર્થાદિ – સાતમા
(૧૮) બાહ્ય કારણોથી
(૧૯) સહજ
(૨૦) બંધ – મોક્ષ

## બાળકો માટેના આપેલ પ્રશ્ન એપ્રિલ – ૨૦૨૧ના ઉત્તર

(૧) વસ્તુનો સ્વભાવ
(૨) બહુપ્રદેશી
(૩) અરહનાથ
(૪) શુભ
(૫) કલ્પાતીત
(૬) વિકલત્રય
(૭) એક
(૮) ચાર
(૯) મોહનીય
(૧૦) ૬ થી ૧૨
(૧૧) રતિ
(૧૨) આકાશ
(૧૩) વિષ્ણુકુમાર
(૧૪) અનર્થદંડવ્રત
(૧૫) તુંગીગિરિ
(૧૬) ૪ થી ૭
(૧૭) નિદાન
(૧૮) જીવ
(૧૯) દશ
(૨૦) યોગ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્ગાર

● જ્ઞાની એને કહીયે કે જે ત્રિકાળી જ્ઞાયકને પકડે ને તેની પર્યાયમાં વીતરાગતા પ્રગટી છે છતાં પર્યાયમાં રોકાતો નથી, તેની દૃષ્ટિ તો ત્રિકાળી ધ્રુવ ઉપર જ પડી છે. ધર્મની દશા પ્રગટ થાય, નિર્મળ પર્યાય પ્રગટ થાય પણ જ્ઞાની એ પર્યાયમાં રોકાતા નથી. ૪૫૪.

● ત્રિકાળી ધ્રુવ આત્મદ્રવ્યને પકડીને સમ્યગ્દર્શન-જ્ઞાન થાય, તેને પકડીને ચારિત્ર થાય, તેને પકડીને કેવળજ્ઞાન થાય, ધર્મીની દૃષ્ટિ આત્મદ્રવ્ય ઉપરથી ખસતી નથી, અને જો એ દૃષ્ટિ ત્યાંથી ખસીને વર્તમાન પર્યાય ઉપર રોકાય, એક સમયની પર્યાયમાં ચોંટી જાય, પર્યાયની રુચિ થઈ જાય તો વસ્તુની દૃષ્ટિ છૂટી જાય અને મિથ્યાદૃષ્ટિ થઈ જાય. એક સમયની પર્યાયની જો મહિમા-મહત્તા થઈ જાય તો દ્રવ્યની દૃષ્ટિ ખસી જાય. એક સમયની નિર્મળ પર્યાયની પણ રુચિ થઈ જાય તો મિથ્યાદૃષ્ટિ થઈ જાય. ૪૫૫.

● પરિપૂર્ણ કૃતકૃત્ય ભગવત્ સ્વરૂપ ભગવાન આત્માને સાધ, દૃષ્ટિને દૃષ્ટિનો વિષય એ તો સમજાવવાનું ભેદકથન છે, દૃષ્ટિને દ્રવ્ય સન્મુખવાળા પર્યાયમાં ઊભો રહીને આ દ્રવ્ય છે એમ નહીં સાધી શકે, ધ્રુવસ્થંભ છે તેમાં નિર્વિકલ્પપણે અહમ્પણું કર. ૪૫૬.

● ભગવાનની વાણીથી નહીં, તેના નિમિત્તે થયેલું પરલક્ષી જ્ઞાન તેનાથી પણ નહિ પરંતુ સ્વલક્ષી જે ભાવશ્રુતજ્ઞાન તેનાથી આત્મા જણાય છે, જે જ્ઞાન વડે આત્મા જણાય એ ભાવશ્રુતજ્ઞાન પરની અપેક્ષા વિનાનું છે. શ્રુત પણ વધારાનું છે (નકામું છે) તેમ શ્રુતથી થયેલું જ્ઞાન પણ વધારાનું છે. એટલે તેમની અપેક્ષા ભાવશ્રુતજ્ઞાનને નથી. એવા ભાવશ્રુતજ્ઞાનથી આત્માને જાણે કે કેવળજ્ઞાનથી આત્માને જાણે એ પણ જાણવામાં–અનુભવમાં ફેર નથી. માટે જ્ઞાનમાં શ્રુત–ઉપાધિકૃત ભેદ નથી. શ્રુતજ્ઞાન કહ્યું માટે તેમાં શ્રુત–ઉપાધિકૃત ભેદ છે એમ નથી. ૪૫૭.

● સમ્યગ્દર્શન એટલે ? જેવું ને જેવડું તત્ત્વ છે તેની તેવી પ્રતીતિ થવી તે સમ્યગ્દર્શન છે. મહા અસ્તિત્વરૂપ મોજૂદ ચીજ છે તે અનંતકાળ ગયો ને અનંતા ભવ થયા છતાં એવી ને એવી જ તે ચીજ છે. વાહ તત્ત્વ ! ગમે તેવા પરિણામ થયા છતાં વસ્તુમાં વિભ્રમતા કે ઊણપતા આવી નથી. મહા ગ્રહીત મિથ્યાત્વના પરિણામ થયા છતાં જે વસ્તુ છે તેમાં કાંઈ મેલપ-મલિનતા આવી નથી. સર્વજ્ઞ પરમાત્માનો આ પોકાર છે. ૪૫૮.

આત્મધર્મ
મે-૨૦૨૧
અંક-૯ ● વર્ષ-૧૫

Posted at Songadh PO
Publish on 1-5-2021
Posted on 1-5-2021

Registered Regn. No. BVR-367/2021-2023
Renewed upto 31-12-2023
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-




Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org